# JAIN KRANTI
# જૈન ક્રાંતિ

Vol. 6 I Issue 05 I Mumbai I March - 2015 I Rs. 25/- I Pages : 36

## ‘સંયમ મારો શ્વાસ... સંયમ પ્રભુનો અહેસાસ...!!’



આ અંકમાં વાંચો :


એક જનમ્યો... !
बीच मझधार... एक सहारा
PURIFY YOUR HEART
‘સ્વ’ નિંદા


વિરલપ્રજ્ઞા પૂ. શ્રી વીરમતીબાઈ મ. એવમ્ નવદીક્ષિતા મહાસતીજીઓ
સૌરાષ્ટ્રના રાજકોટ, ગોંડલ, જેતપુર, જૂનાગઢ,વઢીયા આદિ ક્ષેત્રોમાં પધારશે.

# સૌરાષ્ટ્રમાં પ્રથમવાર પધારશે નવદીક્ષિતાઓ...!

દેવભૂમિ દેવલાલીના પ્રાકૃતિક અને પાવન આંગણે
**રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના** સાંનિધ્યે
જ્ઞાન-ધ્યાન-જપ-તપમય ચાતુર્માસની આરાધના અને ઉપાસના કરી
નવ વર્ષના સુદીર્ઘકાલ પછી વિરલપ્રજ્ઞા શ્રી વીરમતીબાઇ મ. આદિ સાધ્વીરત્ના સહ
નવદીક્ષિતા નવ મહાસતીજીઓ 700 k.m. નો લાંબો પદયાત્રા વિહાર કરી સુરત, વડોદરા,
આણંદ ક્ષેત્રને લાભ આપી, નવદીક્ષિત રૂપે પ્રથમવાર ગુરુણી શ્રી લીલમબાઇ મ. ના
દર્શન અને સાંનિધ્યને માણવા એવમ્ સૌરાષ્ટ્રના ધર્મક્ષેત્રો
રાજકોટ-ગોંડલ-જેતપુર-જુનાગઢ-વડીયા આદિની ક્ષેત્ર સ્પર્શના કરવા પધારશે.

ઉચ્ચ શિક્ષિત બન્યાં પછી પણ જિનશાસનને સમર્પિત થઈને
પૂજ્ય શ્રી વીરમતીબાઈ મ. ના સાંનિધ્યે સંયમજીવનમાં આત્મગુણોને ખીલવી રહેલાં
આ નવયુવા સાધ્વીરત્નાઓનું સૌરાષ્ટ્રમાં પદાર્પણ યુવાવર્ગને પ્રેરિત કરી શાસનની શોભા વધારશે.

## 卐 પાવન પ્રવેશ 卐

### રાજકોટ
**તારીખઃ 08/03/15, રવિવાર**
**સમયઃ સવારે 7.00 કલાકે**

### જુનાગઢ
**તારીખઃ 25/03/15, બુધવાર**
**સમયઃ સવારે 7.00 કલાકે**

JAIN KRANTI
# જૈન ક્રાંતિ

5th MARCH 2015 YEAR: 15, ISSUE - 173

PAGES: 32 + 4 • RETAIL PRICE: ₹ 25

**SUBSCRIPTION**

LIFE TIME (WITHIN INDIA) : ₹ 2500

FOR 2 YRS. (WITHIN INDIA) : ₹ 500

LIFETIME (INTERNATIONAL) : ₹ 20000

FOR 1 YR. (INTERNATIONAL) : ₹ 2500

**FORMER EDITOR**
SHREE RASIKBHAI PAREKH

**PUBLISHER**
SHREE DEEPAKBHAI BHAYANI

**EDITOR**
SHREE PRATIMABEN BADANI
SHREE KUNJANBEN CHHEDA

**CONTACT:**
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-022-32043232

**EMAIL:**
pranpushpa@yahoo.com
parasdham108@gmail.com
jainkranti108@yahoo.com
website: www.parasdham.org

**JOIN US ON:**
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published,
Edited and Owned by
DEEPAK K. BHAYANI,

**Printed at**
Joyti Print and Pack Pvt. Ltd.
A 114 Ghatkopar Industrial Estate,
L B S Marg, Ghatkopar (W)
Mumbai 400 086
and
**Published at**
202, Satellite Building,
Opp. Mistry Complex, J. B. Nagar,
Andheri (East), Mumbai-400 099.

દર મહિને હજારોને પ્રેરણા આપી
પરમના માર્ગે આગળ વધારતું જ્ઞાન જ્યોત જલાવતું 'જૈન ક્રાંતિ'
માત્ર ₹ 51,000=00 એક અંકના જ્ઞાન દાનમાં અર્પણ કરી
સંપૂર્ણ અંકના સૌજન્ય દાતા આપ બની શકો છો.

## જૈન-ક્રાંતિ જ્ઞાન દાન

**₹ 11,000=00 એક વર્ષના**

**CHQ / DD should be in favour of ARHAM YUVA GROUP**

- શ્રી ગુણવંતરાય ઝોંસા (સાયન)
- વી. સી. કે. ફોરેક્સ (કોલકત્તા)
- શ્રી સ્વપનીલ શાહ (ઘાટકોપર)
- શ્રી પ્રદીપભાઈ પી. દોશી (પાર્લા)
- શ્રી કલ્પનાબેન ગીરીશભાઈ દેસાઈ (પાર્લા)
- ઈગલ મેન્યુફેકચરીંગ (મુંબઈ)
- પ્રીતિ કાર્ડસ્ (વડોદરા)
- શ્રી હીનાબેન સંજયભાઈ શાહ (વડોદરા)
- શ્રી લક્ષ્મીકાંતભાઈ જે. શાહ (કાંદિવલી)
- શ્રી ગુરુભકત પ્રણયભાઈ મહેતા (ઘાટકોપર)
- મહાવીર ટેકસટાઈલ (કોલકતા)
- શ્રી હેત-ત્વીશા સંજયભાઈ સંઘવી (ઘાટકોપર)
- શ્રી કુંદનબેન જયંતિભાઈ સંઘવી (સુરત)
- મેટલ પરફોરેશન (પ્રા.) લિમીટેડ (વડોદરા)
- શ્રી ન્યાલચંદ મોહનલાલ લાઠિયા (મૂર્તિજાપુરવાળા)
- યુનાઈટેડ મેડીસેલ્સ (પ્રા.) લિમીટેડ (વડોદરા)
- શ્રી ધર્મેશભાઈ મનસુખભાઈ કામદાર (USA)
- શ્રી ધનસુખલાલ વિરજી સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ (ઝરિયા)
- શ્રી પારસ પ્રેરણા ટ્રસ્ટ (અંધેરી)
- શ્રી પ્રીતિબેન પ્રવિણચંદ્ર બાવીસી (કાંદિવલી)

**TO KNOW MORE ABOUT PUJYA GURUDEV CONTACT ON: 9860905678.**

Win Contest




**આપના ભાવ...**

વધુમાં વધુ પાંચ શબ્દોમાં ટાઈટલ રૂપે,

અથવા વધુમાં વધુ પંદર શબ્દોમાં ક્વોટ કે સુવાક્ય રૂપે અમને મોકલશો

ગુજરાતી, हिन्दी કે English ત્રણમાંથી કોઈપણ ભાષામાં જવાબ મોકલી શકો છો.

એક વ્યક્તિ એક જ ટાઈટલ અથવા એક જ સુવાક્ય/ક્વોટ આપી શકશે.

શ્રેષ્ઠ ટાઈટલ અને શ્રેષ્ઠ સુવાક્યને
₹ 1000/- નું સ્પીરીચ્યુઅલ ગીફ્ટ વાઉચર આપવામાં આવશે
તથા તેમનું નામ ફોટો સાથે Next જૈનક્રાંતિમાં પ્રકાશિત કરવામાં આવશે. આપના જવાબ અમને
20th March, 2015 સુધી 7666266566 ઉપર "Win Contest" લખી WhatsApp કરવા વિનંતી.

# CONTEST WINNER

LAST CONTEST PICTURE



શ્રેષ્ઠ ટાઈટલ >>



## 'Be True To Yourself'

Life is like the pawn in the image which is showing off better reflections like queen, king, bishop etc. Sometime we also hide our true self and show the world a very manipulative image of ours and be untrue to ourselves, which is the reason why we are still here... so the image sends a message... "Be true to yourself".

- Shree Hemangbhai Ajmera, Chennai

શ્રેષ્ઠ સુવાક્ય >>

## 'સંસાર પણ છે શતરંજ, ચારે ગતિના જુદા છે મહોરા, હવે અરૂપી બનવાની છે ઝંખના.'

- Shree Anupamaben C Mehta, Hyderabad

Participant's Names: ♦ Shree Mitaben Maniar, Mumbai ♦ Shree Ritaben Kamani, Hyderabad ♦ Shree Binitaben J. Adani, Jamnagar ♦ Shree Smitaben Mehta, Kolkata ♦ Shree Dr. Sahilbhai Doshi ♦ Shree Dimpleben Zatakia, Ghatkopar (W) ♦ Shree Rajeshbhai R. Bavishi, Rajkot ♦ Shree Pareshbhai J. Parekh ♦ Shree Sohilbhai Khajuriya ♦ Shree Sumitbhai Ghelani, Rajkot ♦ Shree Jinenbhai Doshi ♦ Shree Hetalben Chheda ♦ Shree Ishwarlal Zatakia, Ghatkopar(W) ♦ Shree Mehulbhai Shah, Mumbai ♦ Shree Jatinbhai Kothari ♦ Shree Tejasbhai Madia, Bagasara ♦ Shree Rishitbhai Vasani, Ahemdabad ♦ Shree Chetanbhai V. Doshi ♦ Shree Jayeshbhai Dedhia ♦ Shree Ruchitben Mehta, Morbi ♦ Shree Kevalbhai Madia, Rajkot ♦ Shree Maheshbhai Jasani, Kolkata ♦ Shree Bhavnaben Shah, Kolkata ♦ Shree Bhavikbhai S. Shah, Bhuj ♦ Shree Rameshbhai Padia, Rajkot ♦ Shree Hasmukhbhai Shah ♦ Shree Jayantibhai D. Shah ♦ Shree Dakshaben Mota, Andheri ♦ Shree Kushalbhai Mota, Andheri ♦ Shree Rajendrabhai Mathrawala ♦ Shree Khyatiben Shah, New Jersey ♦ Shree Heerachandbhai Jain ♦ Shree Ashaben Mehta, Rajkot ♦ Shree Mitaben Shah, Kandivali ♦ Shree Snehaben Mehta, Rajkot ♦ Shree Vaishali Mahendrakumar Mehta, Wankaner ♦ Shree Diptiben P. Gondalia ♦ Shree Zaranaben D. Kamdar, Ahemdabad ♦ Shree Pradipbhai N. Shah ♦ Shree Dhairavbhai Ajmera, Savarkundla ♦ Shree Vishalbhai Ajmera, Savarkundla ♦ Shree Nishaben H. Shah, Borivali ♦ Shree Sagarbhai Doshi ♦ Shree Vishalbhai Desai, Rajkot ♦ Shree Dollyben K. Ajmera, Rajkot ♦ Shree Dinaben A. Sanghani ♦ Shree Deepbhai Batavia ♦ Shree Harshbhai Virani ♦ Shree Niravbhai Shah, Dharangadhra ♦ Shree Prataprai A. Mehta, Rajkot ♦ Shree Nitaben Kamdar, Mumbai ♦ Shree Dr. Mona Purohit, Porbander ♦ Shree Rajeshbhai Gosalia, Chennai ♦ Shree Bhavnaben D. Desai, Malad (E) ♦ Shree Jignaben Shah, Kandivali ♦ Shree Krutikaben Bhavnagari, Ahemdabad ♦ Shree Shardaben Manharlalbhai Doshi, Savarkundla ♦ Shree Rashminbhai Purohit, Porbander ♦ Shree Shaileshiben Ajmera, Chennai ♦ Shree Mithunbhai Shah, Mulund ♦ Shree Harshadray J. Sheth, Ghatkopar ♦ Shree Amitabbhai Doshi, Chennai ♦ Shree Hemlataben Vasa, Kandivali (W).

***આ સિવાય અનેક સ્પર્ધકોએ પ્રયત્ન કર્યા છે પણ એમણે વોટસ્એપ પર પોતાના નામ નથી મોકલ્યાં. આ કૉન્ટેસ્ટમાં ભાગ લેનાર સર્વને વિનંતી છે કે તમારા ભાવ તમારા નામ સાથે જ મોકલશો.***

# A Biography *of* Rashtra Sant Pujya Gurudev!

- Shree Kunjan Chheda

*A Divine inspiration!...*

નિતાંત સરી જતાં સમયના વહેણમાં...

અનંત જીવો સામાન્ય જીવન જીવીને વહી જતાં હોય છે ત્યારે...

એ વહેણની દિશા જ બદલી નાંખતું અસામાન્ય જીવન
કોઇક જ જીવી જતાં હોય છે!
કહેવાય છે કે,

।। वत्तणा लक्खणो कालो ।।

કાળ એટલે કે, સમય દરેક જીવ પર પોતાની અસર બતાવતું હોય છે.

પરંતુ, ખુદ સમય પર કોઇક પોતાની અસર બતાવી જતું હોય છે...

સમયના દસ્તાવેજ પર કોઇક પોતાના અનન્ય અસ્તિત્ત્વના હસ્તાક્ષર કરી જતાં હોય છે!!!

એવા અનન્ય અસ્તિત્ત્વની સાન સમૃધ્ધિને જગત જ્યારે નિહાળે છે...

એમનાં સદ્‌ગુણોની સુવાસનાં સામ્રાજ્યમાં જગત જ્યારે પ્રવેશ કરે છે ત્યારે...

જગત માટે એ બની જાય છે

**પરમ પૂજનીય...**

**પરમ વંદનીય...**

**પરમ અર્ચનીય**

**એવા...**

**રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રીના સંયમ રજત જયંતિ વર્ષે**

**'અર્ઘ્ય'**

**આવો...** આપણે સહુ એ અક્ષરોમાં સમાયેલી પૂજ્ય ગુરુદેવના જીવનની અતીતની ક્ષણોનો
વર્તમાનમાં જીવંત અનુભવ કરીને, આપણા આત્માને ભક્તિભાવથી ભીંજવી દઈએ...
એ ક્ષણોમાં સમાઈ જઈએ... એ ક્ષણોને તાદૃશ્ય કરી લઈએ...!



અર્ઘ્ય પુરુષ

# “राष्ट्र संत”

## પૂજ્ય ગુરુદેવ
## श्री नम्रमुनि महाराज साहेब



26TH SEPTEMBER, 1970

સમજી સમજીને પણ સમજી ન શકાય એવું એક **સત્ત્વશીલ સંતત્વ**...

આંકી આંકીને પણ આંકી ન શકાય એવું **અમૂલ્ય અસ્તિત્વ**...

માપી માપીને પણ માપી ન શકાય એવું **વિરાટ વ્યક્તિત્વ**...

હજારો-લાખો હૃદય માટે **પ્રેરણાસ્ત્રોત** બની રહ્યું છે!

વનમાં વિચરતાં વનરાજની ગર્જના જેવો **પ્રભાવશાળી અવાજ**...

પોતાની મસ્તીમાં મ્હાલતાં હસ્તિરાજની જેમ આત્મ મસ્તીથી ભરતા એક એક પગલાં...

પર્ણે પર્ણે ટપકતાં વર્ષાબિંદુની જેમ સર્વાંગ નિતરતી **સૌમ્યતા અને કરૂણા**...

તિર્થંકર પુરૂષો જેવા લાંબા **અજાન બાહુ**...

અને છ ફૂટની **તેજસ્વી ગૌરવર્ણી કાયા**...

**ભવ્ય લલાટ** અને, લાખોમાં એક એવા **મંદિરાનુમા મસ્તક**ની સાથે...

ચક્ર, ધનુષ્ય જેવા **ઉત્તમ પદ્દચિન્હો**ના સ્વામી

પૂજ્ય ગુરૂદેવશ્રીના અતીત અને વર્તમાન જીવનની ઘટનાઓ અને પ્રસંગોમાંથી પ્રગટ થતાં

એમનાં સદ્દગુણો તો, સાગરની જેમ અગાધ છે,

જે થોડા શબ્દોમાં સમાવવા અશક્ય છે છતાં...

એને શબ્દોની ગોઠવણીથી સજાવવાનો લેખિનીનો આ એક નમ્ર પ્રયાસ...

જેના અક્ષરે અક્ષરે અનુભૂતિથી અભિભૂત થઇ જવાય...

જેના શબ્દે શબ્દે નવી સ્ફૂરણા સ્ફૂરિત થઇ જાય...

અને, જેના પાને પાને એક નવી પ્રેરણા મળી જાય,

**જો... મહેસૂસ કરતાં આવડે તો...!!!**

# 1 એક જન્મ્યો તારણહારો...

*પરમાત્મા કહે છે...*
*હે આયુષ્યમાન! યુગે યુગે એક યુગપુરુષ જન્મ લેતાં જ હોય છે!*
*સામાન્યની વચ્ચે એક અસામાન્ય આત્માના જન્મનો સંકેત,*
*કુદરત પણ કોઇને કોઇ રીતે આપી જ દેતી હોય છે.*
*હે આત્મન્! કુદરતના દરેક સંકેતને સમજી શકવાની જાગૃતિ તું કેળવી લે!*

અલ્પવિરામ પછી અલ્પવિરામ... અલ્પવિરામ પછી અલ્પવિરામ!

એવા દરેક ભવ પછી લાગતાં ઓર એક અલ્પવિરામમાં... અનંત અલ્પવિરામનો ઉમેરો કરવા જીવ જન્મ ધારણ કરતાં હોય છે. પરંતુ... *કોઇક આત્મા એવા પણ હોય છે જે, આવા અનંત અલ્પવિરામ પછી એક પૂર્ણવિરામ મૂકવા માટે એટલે કે, અનંત ભવોનો અંત કરવા જન્મ ધારણ કરતાં હોય છે!*

ક્ષિતિજનાં ગર્ભમાંથી જયારે સૂર્ય ઉદયમાન થવાનો હોય ત્યારે, આકાશમાં લાલીમા પથરાઇ જતી હોય છે. વસંતના આગમનની વધાઇઓ, સૃષ્ટિનાં શણગારથી મળી જતી હોય છે. તીર્થંકરો અને ચક્રવર્તીઓના અવતરણનાં સંકેત, એમની માતાને આવતાં ચૌદ મંગલકારી સ્વપ્નથી મળી જતાં હોય છે.

અને, આવું જ એક શુભ સંકેત આપતું મંગલકારી સ્વપ્ન, રાત્રિના અંતિમ પ્રહરમાં મીઠી નિદ્રામાં પોઢેલાં માતા પુષ્પાબેન જુએ છે. જયારે, એમની કુક્ષિમાં એક જીવનું અવતરણ થાય છે. સમજુ માતા પુષ્પાબેન, સ્વપ્નના સંકેતને ક્ષણમાં સમજી જાય છે કે, મારા ગર્ભમાં આવેલો આ જીવ નક્કી કોઈ ઉચ્ચ ગતિમાંથી આવેલો આત્મા છે.

અને... એ ગર્ભમાંનો શિશુ પણ જાણે, માતાને કહી રહ્યો હતો... 'મા'... ઓ 'મા'! હું બસ આવી જ રહ્યો છું... તારી કુક્ષીને ઉજાળવા જ હું આવી રહ્યો છું 'મા'!

પ્રથમના બે સંતાન વખતે જે અનુભૂતિઓ નહોતી થઇ એવા અનોખા માતૃત્વના અહેસાસ સાથે માતા પુષ્પાબેન ગર્ભસ્થ શિશુનું યોગ્ય સંસ્કરણ કરે છે...! અને, 1970 ના સપ્ટેમ્બર મહિનાની 26 તારીખે... ભાદરવા વદ તેરસ રવિવાર... વહેલી સવારે 4 વાગ્યાના બ્રહ્મમુહૂર્તે... નાગપુર-મહારાષ્ટ્રના એ લક્કડગંજ વિસ્તારમાં રહેતાં લાઠી ગામના વતની માતા પુષ્પાબેન અને પિતા શ્રી કનૈયાલાલભાઇ ભાયાણીના ઘરે ત્રીજા સંતાન રૂપે એક સુંદર બાળકનો જન્મ થાય છે.

તૃષાતુર છે આ આખો સંસાર અને એ તૃષાની તૃપ્તિ માટે દરેક જીવ સતત પ્રયત્નશીલ રહેતાં હોય છે. ભાયાણી પરિવારમાં જન્મ લેનાર આ નવજાત શિશુ પણ તૃષાતુર જીવ હતો. પણ એની તૃષા કંઇક ઓર હતી. *આત્મતૃપ્તિની તૃષા*! જેને તૃપ્ત કરવા માટે જન્મ-જન્માંતરની એ અધૂરી સાધના સાથે અનુસંધાન કરવા માટે જ એણે જન્મ લીધો હતો... એણે મહાવીર બનવા માટે જ જન્મ લીધો હતો. કર્મે મહાવીર બનવાને હજી વાર હતી પણ સંબોધન તો મળી જ ગયું... *'મહાવીર' નામકરણ થયું...!*

ગોલ મટોલ બાળ મહાવીરની નાની નાની પગલીઓ, એની કાલીઘેલી બોલી અને બાળ સહજ ક્રિયાઓથી નાગપુરનું એ નાનકડું ઘર કિલબિલાટ કરવા લાગ્યું... ખિલખિલાટ કરવા લાગ્યું...! પિતા કનૈયાલાલભાઇના સહુથી લાડકા પુત્ર 'મહાવીર' પિતાની વ્હાલસોયી ગોદમાં જ કોફી-બ્રેડ ખાવાની બાળસહજ જીદ્ કરતાં કરતાં... નટખટ ક્રિયાઓથી માતાને હેરાન કરીને એની હુંફમાં રમતાં રમતાં... અને, જોનારા સહુના હૃદયને સ્પર્શી જતી એમના ચહેરાની નિર્દોષતા સાથે દિવસો વીતવા લાગ્યાં...! આમને આમ સમય વીતવા લાગ્યો અને... ત્રણ વર્ષ વીતી ગયાં. કોઇ કમી નહોતી... બે મોટા ભાઇ અને એક નાની બહેન સાથેનાં ભર્યા ભર્યા ઘરમાં ખૂબ લાલન-પાલનથી મહાવીર ઉછરતાં જાય છે... ખીલતાં જાય છે...! *પરંતુ... આનંદ અને સુખનાં વર્ષો ઘડીભરમાં વીતી જતાં હોય છે.*

મહાવીર અને આખો પરિવાર એ સુખની અને આનંદની ઘડીઓને માણી રહ્યાં છે... એમાં ખોવાઇ રહ્યાં છે! અને આ બાજુ... નિયતિના ગર્ભગૃહમાંથી એક એવી ઘટના ખૂલું થઇ રહી હતી કે જેણે... મહાવીરનાં ભાવિનો ઇતિહાસ બદલાવી દીધો... જેણે મહાવીરનાં ભાવિના વહેણ ફેરવી દીધાં... બાળ મહાવીરનો 'મહાવીર' બનવા તરફનો પ્રારંભ કરાવી દીધો...!

*એવી કઇ ઘટના ઘટી...? શું થયું...? એવું શું બન્યું...???*

# 2. નિયતીની અંચઈ...

પરમાત્મા કહે છે...
*હે સુજ્ઞ આત્મન્! જે શરીરના અસ્તિત્વ સાથે તું ગર્વથી જીવી રહ્યો છે,
એ શરીરને અચાનક કાળ આવીને ક્યારે ભૂંસી જશે એની તને ખબર પણ નહીં પડે.
પાછળથી રહી જશે માત્ર એ અસ્તિત્વની યાદોના લીસોટા!
માટે હે આત્મન્! પ્રમાદને છોડીને તું ક્ષણ ક્ષણનો સદ્ઉપયોગ કરતાં શીખી લે!*

એક ક્ષણ... અને બીજી ક્ષણ...!

બંને ક્ષણ વચ્ચેનું અંતર કેટલું ?

આંખ પલકાર કરે એટલું !

આપણને કદાચ બહુ સામાન્ય, બહુ નજીવુ અંતર લાગતું હોય, પરંતુ... એ નજીવા અંતરમાં પણ દુનિયાના નકશાની રેખાઓને ફેરવી દેવાની... રાજ-રજવાડાઓના તખ્તાને બદલાવી દેવાની મહાક્ષમતા રહેલી છે...!

ક્ષણ પહેલાંનો મહેલ... ક્ષણ પછી જમીનદોસ્ત થઇને કાટમાળ બની જતો હોય છે !

ક્ષણ પહેલાંની પરિપૂર્ણતા... ક્ષણ પછી શૂન્યતામાં ફેરવાઇ જતી હોય છે !

ક્ષણ પહેલાંના શબ્દો... ક્ષણ પછી નિ:શબ્દતામાં અને ક્ષણ પહેલાંનો કલરવ-કિલ્લોલ... ક્ષણ પછી નિરવ સૂનકારમાં ફેરવાઇ જતો હોય છે ! ક્ષણ પહેલાંનું હાસ્ય... ક્ષણ પછી રૂદનમાં ફેરવાઈ જતું હોય છે !

માટે જ પરમાત્મા કહે છે, સબૂર ! તું થંભી જા ! તું સ્થિર થઇ જા ! તું જાગૃત થા ! જમીનદોસ્ત થઇ જનારા સુખમાં ખોવાઇને તું એ ન ભૂલ કે, નિયત સમયે નિયતિએ જે નિયત કર્યું છે એ નિયત જ છે અને નિયતિ કયારે ચોર પગે આવીને તારૂં સુખ છીનવી લેશે એની તને ખબર પણ નહીં પડે !

ભાયાણી પરિવારમાં એક કરૂણ ઘટના ઘટી ગઈ. પરિવારનું છત્ર ઢળી પડયું !

અચાનક... એક દિવસ હૃદયરોગના જીવલેણ હુમલાને કારણે ભર યુવાન વયે 1973 ની 10 ઑક્ટોબરે શરદપૂનમની રાત્રિએ વ્હાલસોયી પત્ની અને ચાર નાના નાના બાળકોનો સાથ છોડી કનૈયાલાલભાઇ સદાને માટે વિદાય પામ્યાં ! ન કોઈ કલ્પના, ન કોઈ એવા એંધાણ અને, કલ્પનાતીત બની ગયું ! સહી ન શકાય એવી એક ખોટ થઈ ગઈ.

સંગીનો સાથ છોડીને, પરિવારનો સંગાથ છોડીને જનારા તો જતાં રહ્યાં... વિદાય લેનારાની તો વિદાય થઇ ગઈ, ઘટના પૂરી થઇ ગઇ !

પરંતુ, એમનાં આશ્રયે જીવનારા પાંચ આશ્રિતો... યુવાન પત્ની અને ચાર નાના નાના બાળકો... જે અત્યાર સુધી દુનિયાના રંગથી બેખબર, બેફિકર થઇને જીવી રહ્યાં હતાં... એમના માટે 'હવે શું ?' નો એક બહુ મોટો પ્રશ્નાર્થ મૂકી ગઇ !

હસતાં-રમતાં પરિવારમાં હજી તો સુખની ક્ષણોનાં સરવાળા શરૂ થઇ રહ્યાં હતાં ત્યાં, સુખની બાદબાકી કરવાનો સમય આવી ગયો...!

છ સભ્યોના અખંડ વર્તુળમાં એક ન પુરાય એવો અવકાશ રહી ગયો...!

ત્રીસ વર્ષના યુવાન માતા ***પુષ્પાબેન,*** સાત વર્ષનો ***દીપક,*** પાંચ વર્ષનો ***દિલેશ,*** ત્રણ વર્ષના ***મહાવીર*** અને દસ મહિનાની ***ડોલી...*** નિયતિએ ઓચિંતી કરેલી આ અંચઇને હતપ્રભ બનીને ફાટી આંખે જોઇ રહ્યાં...!

કિલ્લોલ કરતાં ... ખિલખિલાટ કરતાં ઘરમાં છવાઇ ગઇ, એક ખેદભરી ખામોશી... એક શોક ભર્યો સૂનકાર... ભવિષ્યની ચિંતા ભર્યો એક ચિત્કાર... એક... એક દબાયેલું રૂદન... અને એ રૂદનના હિબકાં...!!!

પરંતુ પિતાની વાત્સલ્યભરી ગોદમાં હૂંફ પામનારા... પિતાની વિદાયથી અજાણ એવા... બેખબર, નાદાન મહાવીર તો કોફી-બ્રેડ ખાવા માટે એ હૂંફાળા ખોળાની રાહ જોતાં રહી ગયાં !

હમણાં આવશે... હમણાં આવશે કરીને એ... નાનકડા મહાવીરની આંખો તો ઘરના બારણાં પર એ વાત્સલ્યમૂર્તિના આવવાની વાટ જોતી રહી ગઈ...!

સમય સરતો રહ્યો... અને, મહાવીરના જીવનમાં એક નવા દોરની શરૂઆત થઇ ?

***કયા દોરની ? શેની શરૂઆત થઈ ??? નિયતીની અંચઈ મહાવીર અને એના પરિવારને કેવા કેવા ખેલ કરાવતી ગઈ ???***

*જાણીએ આવતા અંકમાં...*

પોતાને ઓળખવાનો
પોતાને જાણવાનો આ જ ઉપાય છે.

# 'હું ક્યાં છું'...'હું કોણ છું'

**એની જો ઓળખ થઈ જશે તો મારે ક્યાં પહોંચવાનું છે એ લક્ષ્ય પણ નક્કી થઈ જશે.**

**– રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ**

એક હોય છે આકૃતિ અને એક હોય છે પ્રકૃતિ, આકૃતિથી વ્યક્તિની બહારની ઓળખ થાય અને પ્રકૃતિથી એના સ્વભાવની ઓળખ થાય.

**જેવી પ્રકૃતિ હોય એવો એનો વ્યવહાર હોય.**

ઘણીવાર ઘણા મા-બાપ પોતાના સંતાનના વ્યવહાર અને વર્તન જોઈને કહેતાં હોય છે, 'એકદમ વાંદરા જેવો છે', વાનરની જેમ કૂદાકૂદ જ કરે છે. એટલે એની પ્રવૃત્તિ જોઈને ઓળખ થઈ કે એ આના જેવો છે, એમ પ્રવૃત્તિ જોઈને વ્યક્તિની ઓળખ થાય કે આ રાગી છે અને આ ક્રોધી છે, આ લોભી છે અને આ દ્વેષી છે, આ અભિમાની છે અને આ વિનયી છે. પણ આના ઉપરાંત પણ વ્યક્તિની અંદર એવી ઘણી બધી વૃત્તિઓ હોય છે જેને ન આકૃતિથી ઓળખાય કે ન પ્રકૃતિથી ! એને માત્ર સત્ પુરુષ, જ્ઞાની પુરુષ, ગુરુ જ ઓળખી શકે.

❈ એક દિવસ એક ભાઈ ગુરુદેવ પાસે એના મિત્રને લઈને આવ્યાં અને વાતવાતમાં કહ્યું, આ ભાઈએ આટલી આટલી જગ્યાએ આટલાં આટલાં લાખના ડોનેશન આપ્યાં છે. ગુરુદેવે કહ્યું, આ ભાઈ મહાલોભી છે. એ ભાઈ પણ વિચારમાં પડી ગયાં. એમનાથી રહેવાયું નહીં એટલે પૂછી લીધું, ગુરુદેવ ! હું તો આટલું દાન કરૂં છું તો લોભી કેવી રીતે ?

ત્યારે પૂજ્ય ગુરુદેવે એમને પૂછયું,"તમારાથી બધું છૂટે છે?", "હા, મારાથી બધું છૂટે છે."

ઘણી વ્યક્તિ લાખો રૂપિયાના ડોનેશન આપતી હોય એટલે જોનારાને એમ લાગે કે આ તો ઉદાર છે, દાની છે, પણ આ એની પ્રવૃત્તિ છે, જ્યારે એની વૃત્તિ લોભની હોય છે. બહારમાં લાખો દેનાર ઘરમાં પત્નીને રોટલી ઉપર જરાક વધારે ઘી લગાવતા જોઈને ગુસ્સો કરતાં હોય કે "ખબર પડે છે આજકાલ ઘી નો ભાવ શું ચાલે છે ? રોટલીમાં આટલું બધું ઘી લગાવાય ?"

સમજવા જેવી વાત છે, વ્યક્તિ કેટલું વાપરી શકે છે ? તેનું મહત્ત્વ નથી. કેટલું ન વાપરવું ? એની વૃત્તિ કેવી છે ? તે મહત્ત્વનું છે. અને આ વૃત્તિ જન્મ જન્મની હોય તેથી સંસ્કાર બની ગઈ હોય.

સામાન્ય માનવીને વ્યક્તિની આકૃતિ અને બહુ બહુ તો પ્રકૃતિ દેખાય, જ્યારે ગુરુને એની વૃત્તિ, એના સંસ્કાર દેખાય.

❈ એક વ્યક્તિનો સ્વભાવ ખૂબ જ ગુસ્સાવાળો હતો, બધાં એને ક્રોધી સમજતાં હતાં. એક દિવસ એને ગુરુ આજ્ઞા મળી કે આખું વીક તમારે ઘરમાં ઝાડુ-પોતા કરવાના ! આજ્ઞા હતી એટલે કરતાં તો હતાં, પણ ગુસ્સો ડબલ વધી



ગયો. કેમકે બીજાની સામે ઝાડુ-પોતા કરવામાં એનો ઈગો હર્ટ થતો હતો અને એ ઈગો ક્રોધ રૂપે બહાર નીકળતો હતો. એ ઈગોનું કારણ શું હતું ?

ભૂતકાળના જન્મોમાં એ શેઠ અથવા માલિક હશે એટલે એને બધાંને ઓર્ડર જ કરવાની આદત હતી અને એ વૃત્તિ એના સંસ્કાર બની ગઈ હતી. એટલે જ અત્યારે કોઈની કોઈ પણ વાત માનવા માટે તૈયાર નથી.

**જેને પોતાની જ વાત મનાવવી હોય એ બીજાની સાચી વાતને પણ સ્વીકારી ન શકે.**

ભૂતકાળના એ સંસ્કાર, એ વૃતિને સુધારવા માટે સદ્ગુરુનું સાંનિધ્ય અને દર્શન જરૂરી હોય છે, પણ ગુરુ પાસે આવવું એ દર્શન માટે ન હોવું જોઈએ, એ આત્મદર્શન માટે હોવું જોઈએ. આત્મ દર્શન થાય તો જ અંદરના સંસ્કાર જણાય. જ્યાં સુધી અંદરના સંસ્કાર ન દેખાય ત્યાં સુધી વૃત્તિ ન સુધરે.

**બહારથી દેખાતાં વૃક્ષ પરથી ફળ ઉતારી લ્યો તો એ ફરી પાછા ઉગી જવાના, ડાળી કાપી નાંખો તો નવી આવી જવાની, પાંદડા તોડી નાંખો તો એ પણ થોડાં દિવસમાં નવા ઉગી જવાના, પણ જો એના મૂળને જ ઉખાડી નાંખો તો ! ! તો ન ડાળી આવે, ન પાંદડા આવે, ન ફળ આવે.**

એકવાર જો વૃત્તિ જ ગઈ તો પ્રવૃત્તિ ક્યાંથી થવાની ? જો એ સંસ્કાર જ નાબૂદ થઈ ગયાં તો એ વર્તન અને વ્યવહારમાં આવી જ ન શકે.

ગુરુનું જીવનમાં મહત્ત્વ શું છે ?

**ગુરુ ક્યારેય તમારી આકૃત્તિને નથી જોતાં, ગુરુ ક્યારેય તમારી પ્રકૃત્તિને નથી જોતાં. ગુરુ માત્ર તમારી વૃત્તિને, તમારા સંસ્કારને જુએ છે અને પછી એ સંસ્કારને સુધારવા, સંસ્કારનું શુધ્ધિકરણ કરવા તમને જુદી જુદી આજ્ઞા આપે છે.**

તે ભાઈના ગુસ્સાનું મૂળ હતું ઈગો અને એ ઈગોને દૂર કરવા આજ્ઞા આપી હતી ઝાડુ-પોતા કરવાની ! !

પ્રકૃત્તિ ત્યારે જ શુધ્ધ થાય જ્યારે સંસ્કાર શુધ્ધ થાય. પ્રવૃત્તિ ત્યારે જ શુધ્ધ થાય જ્યારે પ્રકૃત્તિ શુધ્ધ થાય.

બહારથી કદાચ લાગે કે હું સુધરી ગયો છું પણ એ સુધરવું ડાળી અને ફળ-પાંદડા કાપવા જેવું હોય, જે થોડા સમયમાં પાછા આવી જ જાય.

સંસ્કાર રૂપી મૂળ કપાય તો જ સાચો સુધારો કહેવાય. **સમર્પણ એ ક્યારેય સફળતા માટે ન હોય. સમર્પણ સંસ્કારને શુધ્ધ કરવા માટે હોય.** સમર્પણ ભૂતકાળના ભવોભવની વૃત્તિને સુધારવા માટે હોય.

**જેમ જેમ સમર્પણતા વધતી જાય તેમ તેમ શુધ્ધિકરણ વધતું જાય.**

જેનામાં આત્મતત્ત્વને જાણવાની, પોતાની સ્વરૂપ દશાને ઓળખવાની જિજ્ઞાસા હોય એ વારંવાર... વારંવાર ગુરુને અરજી કરે કે હું એવું શું કરૂં જેનાથી આત્માનું શુધ્ધિકરણ થાય ? મારે શું કરવું જોઈએ ? મને એવી આજ્ઞા આપો જેનાથી હું આત્માની દિશામાં આગળ વધી શકું.

અસામાન્ય વ્યક્તિ મળ્યાં પછી એની પાસેથી સામાન્ય માંગવું એ કેવું કહેવાય ?

જેમની પાસે ગયા પછી ઐરાવત હાથી પ્રાપ્ત કરી શકાય તેમ હોય અને તેમની પાસે તમે ટેડી બેર માંગીને ઊભા રહો કેવું કહેવાય ?

સત્ પુરુષ, સદ્ગુરુ પાસે આવવાવાળી વ્યક્તિ ત્રણ પ્રકારની હોય છે.

**એક હોય છે સંસાર પ્રેમી**, જે ગુરુ પાસે આવીને માત્ર ભૌતિક સુખ અને સગવડતાઓની જ આશા અને અપેક્ષા રાખે છે. મને સંસારમાં અનુકૂળતાઓ કેવી રીતે મળે ? અને મને સફળતા કેવી રીતે મળે ? એ જ એનું લક્ષ્ય હોય છે.

**એક હોય છે આત્મપ્રેમી**, જે ગુરુ પાસે આવીને માત્ર આત્મ અને આત્મકલ્યાણની જ વાત કરે છે, મનુષ્યભવ અને સદ્ગુરુનો યોગ આ ભવે મળ્યો છે, પછી ક્યારે મળશે ? ખબર નથી, માટે મારે મારૂં કલ્યાણ કરી લેવું છે, આત્મ શુધ્ધિ કરવી છે, એ જ એનું લક્ષ્ય હોય છે.

**એક હોય છે ગુરુ પ્રેમી**, ગુરુ પ્રત્યેનો પ્રેમી આત્મા ! એને બીજી કોઈ ખબર હોતી નથી માત્ર ઋણાનુબંધના કારણે ગુરુ પ્રત્યે અકારણ પ્રેમ હોય છે, એક શ્રધ્ધા હોય છે ગુરુ જે કરશે એ મારા હિત અને શ્રેયનું જ હશે, એક વિશ્વાસ હોય છે કે ગુરુ મને જરૂર એમની સાથે મોક્ષમાં લઈ જશે અને એ માટે જે મારા માટે યોગ્ય હશે એ જ મને કરાવશે.

ગુરુ પાસે આવા ત્રણ પ્રકારના આત્માઓ આવતા

હોય છે અને આત્માને ઓળખવા માટે એક હોય આકૃત્તિ, એક હોય છે પ્રકૃત્તિ અને એક હોય છે સંસ્કાર !

વ્યક્તિ પોતે પણ પોતાને પૂર્ણ રૂપે ઓળખી શક્તા નથી. પોતે દાન કરતો હોય, સંસ્થામાં ડોનેશન આપતા હોય તો એમ માનતા હોય કે હું દાની છું, હું ઉદાર છું, પણ રોટલી ઉપર વધારે ઘી જોઈને આવતો ગુસ્સો એ એનો લોભ છે એ એને ઓળખી શક્તો નથી. એ વૃત્તિને તો ગુરુ જ ઓળખી શકે.

ઘણીવાર એક કલાક પણ ભૂખ્યા રહી ન શકનાર વ્યક્તિને ગુરુ માસક્ષમણ કરવાની આજ્ઞા અને પ્રેરણા આપે અને તેનાથી સહજતાથી થઈ જાય. કેમ? કેમકે તેની અંદરમાં ભવોભવથી તપસ્યાના સંસ્કાર પડેલાં હતાં જ... પણ એને એ સમજી શકતો ન હતો. એને એમ જ હોય કે હું થોડીવાર માટે પણ જો ભૂખ્યો ન રહી શકું તો ઉપવાસ કેવી રીતે કરી શકું ?

**તમે જેટલાં તમને નથી ઓળખતાં, એટલાં ગુરુ તમને ઓળખતાં હોય છે. તમે જેટલાં તમને ન સમજી શકો એનાથી અનેક ગણા વધારે ગુરુ તમને સમજી શકતા હોય છે.**

માટે જ ગુરુથી ક્યારેય કાંઈ છૂપાવવું નહીં, ગુરુથી કાંઈ છૂપું રહે જ નહીં. જે હોય, જેવું હોય કહી દેવાનું, પછી એ ભૂલ હોય, કે અંદરમાં કોઈ ભાવ હોય, આલોચના કરવી અને સમાધાન માંગવું.

આત્મ કલ્યાણ માટે એક જિજ્ઞાસા હોવી જોઈએ, કંઈક જાણવાની, કંઈક પામવાની તડપ હોવી જોઈએ. બીજી વિનંતી હોવી જોઈએ, ગુરુદેવ ! મારે કંઈક કરવું છે, મારે આ ભવ સુધારવો છે, ગુરુદેવ! તમે મારી આકૃત્તિને નહીં જોતાં... મારી આકૃત્તિને જોવાવાળા તો મને સંસારમાં ઘણા મળ્યાં છે. તમે મારી પ્રકૃત્તિને નિહાળજો અને મારા સંસ્કારને કેમ ધોવા ? એનો માર્ગ બતાવજો, આ છે અરજી !!

**જેમ જેમ જિજ્ઞાસા અને તડપ વધતાં જાય તેમ તેમ અંદરમાં અકળામણ, વ્યથા અને વેદના વધતાં જાય અને એ જ અકળામણ આંસુ બનીને બહાર આવે.**

ગૌતમ મહાવીર પાસે રડવા લાગે અને કહે,"હે પ્રભુ ! તમારો મોક્ષ થઈ જશે અને હું અહિંયા જ રહી જઈશ ? તમે મોક્ષમાં અને હું અહીંયા ? ? ના... પ્રભુના... હું તમારા વિના એક પળ પણ રહી ન શકું !"

આવી ફીલીંગ્સ ક્યારે આવે ? ?

જ્યારે વ્યક્તિને અંતરથી આત્માનું લક્ષ્ય જાગે !

સંસારના સંબંધો, લાગણીઓ અને વ્યવહારમાં એવા અટવાઈ ગયાં છો કે સત્ય શું છે ? અને શાશ્વત શું છે ? એ સમજાતું નથી. એના માટે વિચાર જ આવતો નથી.

**પ્રવૃત્તિ બદલવી સહેલી છે, વૃત્તિ બદલવી અઘરી છે.**

સંસારમાં ગમે તેટલી સંપતિ હોય, નામના હોય, પ્રતિષ્ઠા હોય, બંગલા હોય, પણ જો એક નેગેટીવ વાત આવે તો એ બધું ધૂળ થતાં વાર ન લાગે. એ બધાંની કોઈ કિંમત ન રહે. કેમકે, એ બધું જ પુણ્યના પરપોટા જેવું હોય. ગુડલકની હવા ભરેલી હોય એટલે ફુગ્ગો બહુ મોટો લાગે, પણ બેડલકની એક નાનકડી ટાંચણી વાગી એટલે બધી હવા બહાર નીકળી જાય !

સંસારમાં ગમે તેટલાં સફળ હો પણ જો આત્મલક્ષ ન જાગ્યું તો !!

સફળતા એ પુણ્ય બાંધવાનું કામ છે, આત્મશુધ્ધિનું નહીં ! આત્મશુધ્ધિ જ ભવિષ્યને સેફ અને સીક્યોર કરવાની પ્રોસેસ છે. આત્મશુધ્ધિ માટે જરૂરી છે વારંવાર... વારંવાર ગુરુ સમક્ષ આલોચના કરવાની! ઘણાંને એમ થાય કે એકવાર તો આલોચના કરી પછી ફરી શા માટે ? ?

તમે રોજ પહેરાતા કપડાં રોજ ધોવામાં નાંખો છો કે નહીં ? કે પછી વિચાર કરો છો કે, પાછા મેલાં થવાના જ છે તો પછી ધોવાના શા માટે ? એકવાર ધોવરાવી લીધા, વારે-વારે શા માટે ધોવરાવાના ? આવે આવો વિચાર ? ના...!!

**જેમ પહેરાતા કપડાં મેલાં થયા વિના ન રહે, તેમ જીવાતું જીવન દોષ વિનાનું કેવી રીતે હોય શકે ?**

એ દોષ તમારી પ્રકૃત્તિ બની જાય અને એ પ્રકૃત્તિ તમારા સંસ્કાર બની જાય એ લેવલ સુધી ન જવું હોય તો વારંવાર આલોચના કરો, વારંવાર અરજી કરો, વારંવાર જિજ્ઞાસા જાગૃત કરો. નામ, પદ, પ્રતિષ્ઠા અને સંપતિ તો તમારા દાદા, પરદાદા એમ સાત-સિતેર પેઢી સુધી ઘણાંએ પ્રાપ્ત કરી હતી, પણ એ એમને શું કામ આવ્યાં ? આજે એ બધાં ક્યાં છે ? શું કરે છે ? કાંઈ જ ખબર નથી, તો પછી એ જ ભૂલ શા માટે રીપીટ કરવાની ?

ભૂલ સંસ્કાર ન બની જાય તે માટે સમયે સમયે

પોતાના સેલ્ફને ચેક કરવું જોઈએ. તમે ક્યાં ભૂલ કરી છે ? તમે ક્યાં ક્યાં દોષો સેવ્યા છે ? ક્યાં ક્યાં વિકારને પોષ્યો છે ? ચેક કરો... મારી સાથે કેમ આમ બન્યું છે ? ક્યા સંજોગોમાં આમ બન્યું છે ? શું બન્યું છે મારી સાથે ? શા માટે બન્યું છે ? ચેક કરો... હું કોણ છું ? હું ક્યાંથી આવ્યો છું ? શા માટે છું ? ચેક કરો પોતાને અને આલોચના કરો.

આપણે પોતાને મળવાનું જ ભૂલી ગયાં છીએ, આપણે પોતાને ઓળખવાનું જ ભૂલી ગયાં છીએ, આપણે પોતાની સાથે વાત કરવાનુંજ ભૂલી ગયાં છીએ.

આપણે બહારમાં જ દોડીએ છીએ, બહારમાં જ જીવીએ છીએ, બહારના માટે જ બધું કરીએ છીએ. પણ આપણે, આપણી અંદરનાને જ ભૂલી ગયાં છીએ અને એને જાણવું ખૂબ જ જરૂરી છે. પોતા માટે સમય કાઢવો એ બહુ જ જરૂરી છે.

**એક આપણે કોઈકને પોતાના બનાવવામાં પોતાને ભૂલી ગયાં છીએ અને બીજું કોઈકના બનવામાં પોતાને ભૂલી ગયાં છીએ.**

એટલે જ કહ્યું છે, કાયમ માટે આંખ બંધ થાય તે પહેલાં આંખ ખોલતાં આવડી જવું જોઈએ. બીજાને ઘણું મળ્યાં, ઘણીવાર મળ્યાં, એકવાર પોતાને મળી લ્યો, ભવ સાર્થક થઈ જશે.

બીજાના અભિપ્રાયો બહુ જાણ્યાં અને બીજાના અભિપ્રાયોની અસર પણ બહુ થઈ, એકવાર તમે તમને મળી લ્યો અને તમારો તમારી માટેનો ઓપીનીયન શું છે ? તે જાણી લ્યો. તમે ક્યાં છો ? તે તમે જાણી શકશો.

**પહેલાં ગુરુની સમક્ષ પારદર્શક થવું જોઈએ અને આલોચના કરવી જોઈએ, પછી ગુરુને વિનંતી કરવી જોઈએ કે આપ મારા આત્માને શુધ્ધ કરો અને પછી અંદરમાંથી સત્યને જાણવાની જિજ્ઞાસા જાગૃત કરવી જોઈએ.**

પોતાને ઓળખવાનો, પોતાને જાણવાનો આ જ ઉપાય છે. 'હું ક્યાં છું ?... હું કોણ છું ?' એની જો ઓળખ થઈ જશે તો મારે ક્યાં પહોંચવાનું છે ? એ લક્ષ્ય પણ નક્કી થઈ જશે.

## ભગવાન કહે છે :

# 'હે માનવ !'

*તને ખબર છે તને મળેલો માનવ ભવ*
*કેટલો અમૂલ્ય છે? કેટલો શ્રેષ્ઠ છે?*

*તો સાંભળ...*
***દેવલોકના દેવો** પાસે સમજ છે*
*પણ સાધના નથી...*
***નારકીના જીવો** પાસે સમજ પણ નથી*
*અને સાધના પણ નથી...*
***તિર્યંચ** પાસે નથી સમજ આપનારૂં*
*કોઈ કે નથી એમની પાસે સાધના*
*કરી શકે એવી કોઈ ક્ષમતા!*

*માત્ર ને માત્ર એક **માનવ** જ એવો છે,*
*જે **'હું કોણ છું?'** એવો પ્રશ્ન સર્જી*
*શકે છે અને **'હું આત્મા છું'***
*એવું સમાધાન સર્જી શકે છે.*

*બીજી કોઈ પણ ગતિના*
*કોઈ પણ જીવ પાસે*
*નથી કોઈ ક્ષમતા*
*કે નથી કોઈ પાત્રતા!!*



# बीच मझधार... एक सहारा!



-राष्ट्रसंत पू. गुरुदेव श्री नम्रमुनिजी म.सा.

एक के बाद एक दिन गुजरते जा रहे हैं या लौटकर फिर से आ रहे हैं? क्या गुजरा हुआ एक भी दिन फिर से लौटके भला आ सकता है? बिता हुआ कल यदि फिर से लाना है तो भला फिर से मिल पाएगा? चाहे करोडों रुपये दे दो तो भी नहीं मिलेगा।

जो चला जाता है वह ऐसे जाता है कि फिर से कभी भी लौटकर नहीं आता। लेकिन जो आया हुआ है उसका भी यदि उपयोग नहीं हुआ तो उसे भी जाते हुए समय नहीं लगेगा!

आपका बचपन...जो आपके जीवन के उत्कृष्ट दिन थे, जो निश्चिंत और आनंदमय पल थे, उसे आप चाहो फिर भी लौटकर नहीं आ सकते। आप इच्छा भी करो कि आपका बचपन फिर से लौट कर आए तो क्या वह आ पाएगा? नहीं आ पाएगा ना?

मान लो कि आप एक बड़े से जहाज में सागर की सफर पर निकले हो... वहाँ अचानक एक बहुत बड़े समुद्री पहाड़ के साथ आपका जहाज टकराता है और टाईटेनिक जहाज की तरह उसके टुकड़े टुकड़े हो जाते है। आप सागर में, बीच मझधार में हो और चारों ओर जहाँ भी नजर करो वहाँ पानी ही पानी है... अथाह जलराशि है... बड़े बड़े मगरमच्छ हैं... बड़ी बड़ी मछलियाँ हैं... और बीच में आप हो... आपको ठीक से तैरना भी नहीं आता... अब क्या होगा?

कहीं पर कोई आशा नहीं है... बचने का कोई रास्ता नहीं है और आप डूबने की तैयारी में हो... उस समय आपको कौन याद आएगा? भगवान या गुरू याद आएंगे? नमस्कार मंत्र या श्री उवसग्गहर स्तोत्र याद आएगा? शायद सब कुछ याद आ जाएगा... सभीका स्मरण भी करेंगे, लेकिन उस वक्त बीच सागर में क्या आपको बचाने कोई आएगा? नहीं!

लेकिन ऐसे वक्त कोई देवदूत बनकर अचानक आपके पास आये और कहे '' पकड़ ले, इस तख्ती को यह तुझे डूबने नहीं देगी।''

ऐसे वक्त वह तख्ती तुम्हें कैसी लगेगी? तिरानेवाली लगेगी ना?

''तख्ती तारणहार कब लगेगी? जब सागर डूबोनेवाला लगेगा।''

**''सागर जब तक 'मौत' नहीं लगता, तख्ती तब तक 'जीवन' नहीं लगती।''**

मेरा सवाल यह है कि .. सागर आपको मौत लगता है या नहीं? आपकी पत्नी, परिवार, सगे- संबंधी, व्यापार, दोस्त, ये सभी आपको मौत लगते हैं या जीवन लगते हैं?

परमात्मा ने दो शब्द बताए हैं, उन शब्दों की छोटी-सी और स्पष्ट व्याख्या दी है।

जिसका दर्शन सही, जिसकी देखने की द्रष्टि सही और जिसका देखना सही वह सम्यकत्वी और जिसकी द्रष्टि गलत, जिसका देखना गलत वह मिथ्यात्वी!

सागर के बीच आप डूबने को हो, तब सागर आपको डूबोनेवाला लगता है या तिरानेवाला लगता है? सागर अगर डूबोनेवाला लगता हो तो तख़्ती तिरानेवाली लगेगी या नहीं? उस वक्त भले ही वह तख़्ती जहाज जितनी बड़ी न हो,

आकर्षक न हो, छोटी-सी हो, टूटी हो, शायद उसमें कहीं कहीं चुभनेवाली कीलें भी हों और वे कीलें चुभतीं भी हो, फिर भी आप उस तख्ती को पकड़ कर रखोगे या छोड़ दोगे ?

पकड़ कर रखोगे! उस वक्त वह तख़्ती परमात्मा जैसी परम लगेगी!

याद रखो, जब तक सागर डूबोनेवाला नहीं लगता, तब तक तख़्ती कभी भी तारणहार नहीं लगती।

लेकिन, हमारी खामी यही है कि धर्म हमें जितना अच्छा लगता है, अधर्म भी उतना ही अच्छा लगता है।

धर्म अच्छा लगता है इसलिये सुबह उठते ही नमस्कार मंत्र बोलते हो, सामायिक, प्रतिक्रमण करते हो, माला- जाप करते हो। धर्म अच्छा लगता है यह सबस बड़ा प्लस पॉइंट है। लेकिन साथ में संसार भी उतना ही अच्छा लगता है न ?यह सबसे बड़ा माइनस पॉइंट है।

**धर्म अच्छा लगे ऐसे इस दुनिया में लाखों जीव है, लेकिन संसार अच्छा नहीं लगे ऐसे बहुत कम जीव होते है।**

भगवान कहते है,

**''धर्म जिसे अच्छा लगता हो वह कभी भी मेरा श्रावक नहीं होता, लेकिन जिसे संसार अच्छा नहीं लगता वही मेरा श्रावक होता है।''**

अब आप तय करो, आप भगवान को अच्छे लगते होगें या अच्छे नहीं लगते होगे ?

आपको भगवान प्रिय लगते है उसमें कोई बहुत बड़ी या आश्‍चर्य की बात नहीं है, लेकिन भगवान को अगर आप प्रिय लग गये और भगवान को अगर आपको 'आई लव यु' कहने का मन हुआ तब मानना कि आप अब सही मार्ग पर हो, सत्य के मार्ग पर हो, धर्म की राह पर हो!!

परंतु धर्म की राह पर चलना कैसे है ?

क्या केवल धर्म की क्रियाएँ और अनुष्ठान कर लेने मात्र से ही हम धर्म की राह पर आ जाते हैं ? धर्म तो हम जन्मों से करते चले आ रहे हैं... इसमें कोई नई बात हम नहीं कर रहे... परंतु जिस भगवान ने हमें धर्म की राह बताई है, उस भगवान के लिए कुछ करना, धर्म के लिए कुछ करना... भगवान के धर्म की प्रभावना करना यह हमारा प्रथम कर्तव्य, हमारा धर्म बनता है! परंतु आज तक क्या हुआ है ?

भगवान मुझे मिले, भगवान की प्रेरणा मिली, भगवान के संस्कार मिले, भगवान के गुण मिले, भगवान का ज्ञान मिला, भगवान का भरपूर लाभ उठाया लेकिन भगवान के लिये क्या किया ? कुछ भी नहीं! भगवान आपको इसलिए प्रिय लगते हैं क्योंकि भगवान से आपको फायदा होता है।

भगवान से किसी को नुकसान हुआ हो, किसी को घाटा हुआ हो, किसी को तकलीफ - पीड़ा हुई हो, ऐसा हो सकता है ? नहीं! भगवान तो लाभ, लाभ, और लाभ का ही कारण है, इसलिए भगवान तो आपको प्रिय लगेंगे, लगेंगे और लगेंगे ही! उसमें कोई दो राय नहीं , उसमें कोई आश्चर्य नहीं। लेकिन मैं जिस दिन भगवान को प्रिय लगूंगा वह दिन मेरे लिये महाकल्याणकारी होगा।

जिस दिन मैं भगवान को प्रिय लगूं उसके दूसरे ही दिन से मैं भगवान के साथ रहूँगा और जिस दिन मैं भगवान के साथ रहूँगा उस दिन मैं संसार से अलग रहूँगा!

जिस दिन आपको यह फील होगा कि यह धर्मक्षेत्र,यह धर्मस्थानक मेरे लिए तख्ती है, मुझे तिरानेवाली तख्ती है, भले ही उसमें चुभनेवाली कीलें है , भले ही उससे मुझे वेदना मिले, भले ही वहाँ कोई समस्या हो पर मुझे इस बात का पूरा विश्‍वास है कि मेरा घर भले ही मुझे डूबोए पर यह धर्मक्षेत्र ही मुझे तिरानेवाला हैं। मेरा संसार मुझे डूबोएगा, पर मेरे धर्मगुरु मुझे तारेंगे।

''जिस दिन मुझे संसार सागर जैसा लगने लगे और धर्म तिरानेवाली तख़्ती उस दिन समझो मेरे संसार सागर से तिरने के दिन शुरु हो गए। जैसे दही को बारबार मथने से मक्खन निकलता है वैसे ही प्रवचन सुनने के पश्चात उस पर किया गया चिंतन, मंथन, विचार और बारबार रटण उसमें से नवनीत को बाहर निकालता है।

''संसार डूबोनेवाला लगे और धर्म तथा धर्म गुरु तिरानेवाले लगे यह बहुत महत्त्व की बात है।''

*मिलेगा किनारा... मन में विश्वास है,*
*तख्ती का सहारा जो मेरे साथ है...!*




>> READ N FEEL

કોઈ પણ સ્કૂલમાં એડમિશન લીધાં પછી, આખું વર્ષ ભણ્યાં પછી, પરીક્ષાના સમયે આવડે નહીં અને માર્કસ્ ઓછા આવે તો શું કરો ? ? કલાસમાં એકદમ ધ્યાન રાખીને ભણ્યાં હો અને એ બધું યાદ રાખવાનું નક્કી પણ કર્યું હોય અને છતાં પરીક્ષામાં પાસ થવા માટે જેટલાં માર્કસ જરૂરી હોય એટલાં પણ ન આવે અને ફેઈલ થાવ તો શું કરો ?

પરમાત્માની સ્કૂલમાં એડમિશન લીધાં પછી, સદ્ગુરુના કલાસીસ ભર્યાં પછી સદ્ગુરુના વિદ્યાર્થી બન્યાં પછી, આખું વર્ષ ધ્યાન, સાધના શિબિર અને સત્સંગ કર્યાં પછી પરીક્ષામાં તમને કેટલાં માર્કસ આવે છે ?

**ભેદજ્ઞાન, રાઈટ આઈડેન્ટીટી, રાઈટ એકશન, ભાવ વિશુધ્ધિ, બધું સાંભળ્યાં અને સમજયાં પછી કેટલાં માર્કસ આવે છે ?**

સમજવા છતાં આચરણમાં કેમ નથી આવતું ? સત્ય સમજાયા પછી પણ અસત્યનું આકર્ષણ કેમ થાય છે ? રાઈટ આઈડેન્ટીટી કલીયર થયાં પછી પણ રોંગમાં કેમ ભળી જવાય છે ? સદ્ગુરુના સાંનિધ્યે બાર પગથિયાં ચઢી જાવ છો અને પાછા ચાર પગથિયાં ઉતરી જાવ છો, શા માટે ? ? શા માટે આવું થાય છે ? શું આવો પુરુષાર્થ હજાર-બે હજાર વર્ષ સુધી કરી શકશો ? શું એટલો સમય છે ? ના ! !

ભણેલું કેમ ભૂલી જવાય છે ? ભણ્યા પછી ભળી કેમ જવાય છે ? સમજવા છતાં એ સમજ સમય પર કામ કેમ નથી લાગતી ? એનું કારણ શું છે ? ?

ચિંતન કરો, ડીપ થીકીંગ કરો...

શા માટે ? ? શા માટે આવું થાય છે ?

એનું એક કારણ છે નિમિત્તો !

નિમિત્ત આધિન આત્મા એની સમજને સ્ટ્રોંગ રાખી શક્તો નથી, સમજને ટકાવી શક્તો નથી. નિમિત્ત તેને પ્રલોભિત કરે છે, એટ્રેક કરે છે, માટે નિમિત્ત સાથે જોડાઈને એ ભૂલી જાય છે. નિમિત્ત સ્ટ્રોંગ છે એટલે સમજમાં, શ્રધ્ધામાં, નિષ્ઠામાં, અડગતામાં કચાશ છે.

નિમિત્તો આત્માને નિર્બળ બનાવી દે છે.

જ્યાં સુધી નિમિત્તો તમારી આસપાસ રહેશે, નિમિત્તોની અસર રહેશે ત્યાં સુધી રોંગ આઈડેન્ટીટી રહેશે.

નિમિત્તો વ્યક્તિને નબળા બનાવે છે. તો પછી શું કરવું જોઈએ ?

ભગવાન કહે છે,

'સમજ ત્યારે જ સાર્થક થાય,

જ્યારે અંદરમાં પાપભીરૂતા આવે.'

જેમ અજાણ્યો કૂતરો સામે આવે અને કેવો ભય લાગે ? જેમ જંગલમાં અંધારી રાતે એકલાં હો તો કેવો ભય લાગે ? તેવો ભય કોઈ પણ પ્રવૃતિ કરતી વખતે લાગવો જોઈએ. પ્રવૃતિ પછીના પરિણામનો ભય લાગવો જોઈએ. "આજે હું તુરિયા સુધારું છું, આવતા ભવમાં હું મુર્ગી બનીશ અને આવી રીતે જ કપાઈશ."

**અન્યના પાપના ઉદયને જોઈને અંદરમાં પાપભીરૂતા આવવી જોઈએ.**

જ્યાં સુધી પાપભીરૂતા ન આવે, ત્યાં સુધી સમજ ટકી ન શકે. જેમ જેમ પાપભીરૂતા આવે, તેમ તેમ સમયને આચરણમાં મૂકી શકાય.

વિચાર કરો...

વિચાર કરો તમારા ભવિષ્યનો, વિચાર કરો તમારા આવતા ભવનો !

કલ્પના કરો તમારા આવતા જન્મની, ક્યાં હશો ? કેવા હશો ? કોણ હશો ?

આ ભવમાં મૃત્યુ પછીનો ક્યારેય વિચાર આવ્યો છે ? અવલોકન કરો, તમારી વૃત્તિ અને પ્રવૃત્તિનું !

તમારામાં જે વૃત્તિ વધારે છે, તે વૃત્તિ ક્યાં પ્રાણીમાં દેખાય છે ? હવે કલ્પના કરો, તમારો જન્મ ક્યાં હશે ?

આંખ બંધ કરી, ચિંતન કરો...

જો મારામાં ગુસ્સો વધારે છે તો હું સાપ બની શકું છું.

જો મારામાં લોભ વધારે છે તો હું ઉંદર બની શકું છું.

જો મારામાં પ્રમાદ વધારે છે તો હું વૃક્ષ બની શકું છું.

જો મારામાં દયા, કરૂણા, પ્રેમ, મૈત્રી, માનવતા, જીવદયા ક્ષમા, સ્નેહ જેવા સદ્‌ગુણો છે તો હું મનુષ્ય કે દેવ ગતિમાં જઈ શકું છું.

જેને પાપનો ભય હોય, જેને પાપની ચિંતા હોય, તેને જ આવતા ભવની ચિંતા હોય, ભવિષ્યનો ભય હોય.

હવે વિચાર કરો, આટલી ઉચ્ચ કક્ષાની સમજ પ્રાપ્ત કર્યા પછી, અનંતકાળમાં, અનંતકાળે, અનંત વ્યક્તિમાંથી એક વ્યક્તિને મળે એવો અપૂર્વ યોગ મળ્યાં પછી પણ અસત્‌માં ભળી જવાનું કારણ છે ભવ ઉપેક્ષા !

ભવ પ્રત્યેની ઉપેક્ષાના કારણે જ પદ, પ્રતિષ્ઠા, લાગણી, મોહ જેવી તુચ્છ વસ્તુઓમાં ભળી જવાય છે ને !!

જે ભવથી પરમ સત્યની પ્રાપ્તિ થઈ શકે તેમ છે તે ભવને સત્ય પાછળ સાર્થક કરો છો કે સુખ પાછળ દોડો છો ?

સમજવા છતાં ન સમજવાનું એક કારણ છે સુખશીલતા !

જેવું તમારૂં લક્ષ્ય સુખનું બને, એ જ સેકંડે તમારી સમજ ઝીરો થઈ જાય.

નિમિત્તોમાં ભળવું એ આપણી અનંતકાળની વૃત્તિ છે એટલે જ નિમિત્ત મળતાં જ તેની અસર થઈ જાય છે.

નિમિત્તોની અસરથી મુક્ત થવાનો ઉપાય છે, આત્મ જાગૃતિ અને નિમિત્તો સામે કંટ્રોલ 'સ્વ' ઉપર સંયમ !


સોહમ મહિલા મંડળ - પાવનધામ (કાંદિવલી) તરફથી

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબને

સંયમ રજત જયંતિ શુભારંભ અવસરે સર્વ ભાવિકો આખું વર્ષ તપ-ત્યાગની આરાધના કરી શકે એ ભાવ સાથે સાધના-આરાધનાની પુસ્તિકા અર્પણ

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવને આગામી સંયમ જયંતિ અવસરે તપ અને ત્યાગની ભેટ અર્પણ કરવા ઈચ્છુક ભાવિકો સંપર્ક કરે...

SOHAM

શ્રી પ્રીતીબેન બાવીસી - 9019596869





# PURIFY YOUR HEART WITH INNOCENCE!

A doorbell rang... Mother was working in the kitchen. Just as she hurried to open the door, her young child walked in. He was fascinated by shiny colour of the knife which lay on the floor and joyfully picked it up. The mother felt a sharp twinge in her heart as she was worried about her child being hurt.

She was in a dilemma. The ringing doorbell was beckoning her to open the door. But on the other hand, her son was on the verge of hurting himself with the knife. The child refused to let go off the knife so easily. The mother thus held his finger and led him towards the door. As long as the child was under her watchful eye, she would protect him from all harm. She then greeted the guests warmly. However, the danger that was lurking on her child was constantly on her mind. She thought of another way to distance her child from the knife. As she entered the kitchen to serve water to the guests, her eyes searched for some object which would distract her son. The apples inside the fridge seemed to be a perfect choice. She took one apple and showed it to her son. Lured by the red fruit, her son ran to grab the apple and dropped the knife in this excitement. The mother was relìeved and her face beamed with joy. The apple had worked as a bait to take the knife away from the innocent child.

Through the eyes of the Enlightened, each of us look exactly like that child, who was blissfully unaware of the danger the knife posed upon him. Till the time we are unable to differentiate Dharma from Adharma, the Reality from the Illusion, and the Truth from the Deception; we are equally ignorant as the young child. We are unable to perceive our True Identity, the real source of happiness within, and hence, are in a constant search for companionship on the outside.

However, there lies a small difference between us and the child. The child's heart was filled with innocence. He was completely unaware of the danger which surrounded him. On the other hand, we perform various Kriyas and rituals on the pretext of being Dharmik. Even then, every ritual for us is like a formality, an outer show of being religious. We indulge in anger, ego, jealousy, deceit, greed and a bunch of other emotions even after knowing the truth. We KNOW the truth, but it is mere information for us. We have not REALIZED it, we have not experienced this to be the Reality. We have merely accepted it. And our acceptance is also for Show, not for the Self.

Each one of us is someway connected to the Divine. We are truly blessed with Sanidhya of the Sadguru. However, we need to check our hearts and ask ourselves, *"Is my heart loyal to my Guru? Do I reflect my real self or do I wear a garb of spirituality in His Sanidhya?"* Because **elevating an innocent soul from ignorance is very easy, but elevating a deceitful person from the shackles of ignorance is impossible!** Therefore, the first step is **Hraday Shuddhikaran** (Purification of the Heart).

What makes the child leave the knife so easily? What made Gautam Swami disconnect from the Sansar so easily? Gautam Swami's heart was like a child when he met Parmatma. He

was not merely innocent, but he also had a deep sense of trust and endearment towards Parmatma. He did not put up a garb of spirituality in front of Parmatma and return to his original self on leaving the Samvasharan. Instead, his heart felt an unmatched sense of reverence towards Parmatma's Wisdom and constantly persevered to transform his inner nature. His love for Parmatma was so pure, that Parmatma Himself held his hand and accepted the responsibility of taking him through the Journey to Siddhatva.

**Like a mother, the eyes of the Guru are an invisible protection, overlooking us shielding us in every moment of life.** Make your connection with him so strong and so pure, that this single thread will be enough to loosen and break away every bond of illusion in this Sansar. Gautam Swami was never taught to stay away from Raag and Dwesh. However, Parmatma's eyes filled with love and affection were so mesmerizing, that Indrabhuti Gautam emulated the same positivity and Divinity within his soul and thus became Bhagwan Mahavir's most revered disciple Shree Gautam Swami. Like a loving mother, Parmatma took away the knife of ego, sense of significance and pride from Indrabhuti Gautam and lured him with unconditional compassion and purity; ultimately leading the blessed soul towards Param!

We may be Ignorant, but let us nurture Innocence in our Hearts. Because **it is only innocence which helps us dissolve in Divine Love,** immerse in unconditional Surrender and discover the light of PARAM Within! ***We are blessed with the Sharan of our Mahavir, let us nurture the soul of Gautam within us!***

## NOTIFICATIONS

We are blessed with Dharma in the Future,
Not by **PRACTICING** it,
But by **PROPOUNDING** it today!

EVERYDAY MAKE A SIMPLE RESOLVE:

- I will explain the significance of Dharma to at least "One" new individual.
- I will teach a Non-Jain person to recite the "Namaskar Mantra".
- I will inspire a new person to experience the grace of "Sadguru's Darshan".

For Pujya Gurudev's AUDIO & VIDEO
WhatsApp **"JAI JINENDRA"** on **"7666266566"**.

Rashmikant Desai - 93240 87750
E-mail : fineeyecare@gmail.com
BETTER EYE CARE BEST EYE WEAR
FINE EYE CARE
Eye Consultants & Optical Gallery
COMPUTERISED EYE TESTING, QUALIFIED OPTOMETRIST,
CONTACT LENSES & LOW VISION CLINIC
Opp. Shankar Cinema , Tilak Nagar, Chembur, Mumbai - 400 089. Tel.: 2527 7444

Since-1954
Hardik Desai - 93210 29293
FINE FINE FINE & ALL FINE TO YOU
FINE VISION
Ophthalmic Optical Equipment & Lenses
384 - M, Dabholkar Wadi, Kalbadevi Road,
Mumbai - 2. Tel.: 2203 7444, 2205 7444, Fax : 2200 7444
Website : www.finevision.in/ E-mail : finevisn@vsnl.com



# 'સ્વ' નિંદા...

- રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

જ્યાં ક્રિયા હોય ત્યાં કર્મ હોય જ ! જ્યાં કોઈ પણ જાતની પ્રવૃત્તિ ન હોય ત્યાં ક્યારેય કર્મ ન હોય. પૃથ્વીનો એક પણ જીવ પ્રવૃત્તિ વિનાનો ન હોય. એકેન્દ્રિય જીવ, એક વૃક્ષ પણ પ્રવૃત્તિમય હોય. કેમકે, એ પણ પોતાનો ખોરાક બનાવે છે, પાણી ગ્રહણ કરે છે. સાવ નાનકડી જીવાત પણ સ્થિર ન હોય, એ પણ આમથી તેમ આંટા મારતી હોય.

**જ્યાં સુધી એકશન છે, ત્યાં સુધી રીએક્શન છે.**

કર્મ બે પ્રકારના હોય છે, એક હોય છે નિધ્ધત અને એક હોય છે નિકાચિત.

નિધ્ધત કર્મને સેવા અને સાધના દ્વારા હળવા કરી શકાય અને પ્રાયશ્ચિત અને પસ્તાવા દ્વારા ખપાવી પણ શકાય, જ્યારે નિકાચિત કર્મો તો ભોગવવા જ પડે... પછી એ ચક્રવર્તી રાજા હોય, સામાન્ય માનવી હોય કે સ્વયં શ્રમણ ભગવાન મહાવીર હોય !

નિકાચિત કર્મો એટલે જેમાં બંધ વખતે રસ ભળે, ભાવ ભળે. જે ક્રિયા સાથે એકમેક થઈ જાવ, તે કર્મો નિકાચિત બની જાય.

માનો કે, તમે ક્યાંય બહાર જવા તૈયાર થાવ છો, તમે કબાટ ખોલી કોઈ પણ એક શર્ટ પહેરી લીધું અને બહાર ગયાં. આ ક્રિયામાં માત્ર એકશન થઈ એટલે જે કર્મ બંધાય તે એકદમ હળવા હોય. પણ તમે કબાટ સામે ઊભા રહી વિચારવા લાગ્યાં, ક્યુ શર્ટ પહેરૂં, આ પ્રસંગે આ પહેરૂં કે પેલું ? આ તો ઘણીવાર પહેર્યું છે, બધાં એ જોયું છે, પેલું જ પહેરૂં, એ હજુ નવું છે, લેટેસ્ટ ડીઝાઈનનું છે, એનો કલર પણ મારી ઉપર સરસ લાગશે. એટલે ક્રિયા સાથે તમારા ભાવ, તમારો રસ, શર્ટ પ્રત્યેની આસક્તિ બધું જ ભળ્યું, એ સમયે નિકાચિત કર્મ બંધાય.

વ્યક્તિ સંસારમાં છે ત્યાં સુધી ક્રિયા તો રહેવાની જ અને ક્રિયા થશે એટલે કર્મ પણ બંધાશે અને કર્મ બંધાશે એટલે ભોગવવા પણ પડશે.

ભગવાન કહે છે, સંસારની પ્રવૃત્તિ વચ્ચે પણ પાપથી બચવાનો ઉપાય છે આલોચના, નિંદા અને ગર્હા.

પહેલાં પાપનું અવલોકન કરો, પછી અંદરમાંથી ફીલ કરો. હું જે કરૂં છું એ પાપ છે, હું શાક સુધારૂં છું એ પાપ છે, ભલે અત્યારે મારે સુધારવું પડે છે, પણ એ છે તો પાપ જ !

**પોતાની જ ક્રિયાની પોતા દ્વારા થતી નિંદા એટલે સ્વનિંદા અને સ્વનિંદા એટલે પોતાના પાપ પ્રત્યેનો અણગમો.**

સ્વનિંદા એક આંતરિક જાગૃતિ અપાવે છે, એક મનોમંથન કરાવે છે, મારાથી આવું પાપ કેમ થાય છે ? મારે આવી હિંસા કેમ કરવી પડે છે ? હે ભગવાન ! ક્યારે એવો અપૂર્વ અવસર આવશે અને ક્યારે હું આવી પાપ પ્રવૃત્તિથી, આવી સાંસારિક ક્રિયાઓથી મુક્ત થઈશ ? ક્યારે હું નિષ્પાપ જીવન જીવીશ ?

'હું આ ખોટું કરૂં છું', એ ભાવ પણ નિકાચિત કર્મ બંધમાંથી બચાવી શકે છે.

આલોચના, નિંદા અને ગર્હા આ ત્રણ પ્રક્રિયાને કારણે નિકાચિત કર્મબંધથી બચી શકાય છે અને નિધ્ધત

કર્મો તો ભાવથી કરેલી સામાયિક, આયંબિલ કે, ઉપવાસ અથવા માળા-જાપ દ્વારા પણ ક્ષય થઈ જાય.

કર્મ બંધ વખતે નિધ્ધત બાંધવા કે નિકાચિત એ વ્યક્તિના પોતાના ભાવ આધારિત હોય છે.

પ્રવૃત્તિની સાથે જ આલોચના, પ્રવૃત્તિની સાથે જ નિંદા અને પ્રવૃત્તિની સાથે જ ગર્હા. એક તરક પાપની પ્રોસેસ અને બીજી તરફ એ જ પાપને ધોવાની પ્રોસેસ! અને સાથે નાનકડી સાધના, આયંબિલ કે જાપ... એટલે ભોગવ્યા વિના જ કર્મોનો ક્ષય!!!

આલોચના, નિંદા અને ગર્હા એવી પ્રોસેસ છે જેમાં સંસારના કાર્યો કરવા છતાં ભોગવવા ન પડે.

એક નાનકડું ભાવથી બોલાયેલું વાક્ય...

'હે ભગવાન! ક્યારે એવો અપૂર્વ અવસર આવશે અને ક્યારે હું નિર્દોષ જીવન જીવીશ! અનંતા કર્મોનો ક્ષય કરવા સક્ષમ છે.'

**જેને ભૂલ કરવાનો ભાવ હોય તેના કર્મો નિકાચિત હોય અને જેને ભૂલનું ભાન હોય તેના કર્મો નિધ્ધત હોય.**

કર્મો ભોગવવા પડે તે સારૂં કે ભોગવવા ન પડે તે સારૂં ?

હસતાં હસતાં બાંધેલાં કર્મો ભોગવતી વખતે રડવું તો આવે જ પણ દુ:ખ પણ એટલું જ થાય. જેને ભૂલનું ભાન હોય છે, એ એકવાર પણ ભાવથી, પસ્તાવા સાથે બોલે કે, 'મારી ભૂલ થઈ ગઈ', તો ત્યાં ને ત્યાં કેવળજ્ઞાન પણ થઈ શકે છે.

જૈન દર્શનમાં પ્રસન્નચંદ્ર રાજાની વાત આવે છે. એ રાજાએ એકવાર સંધ્યાના બદલાતાં રંગોને જોયા અને એકવાર પોતાના માથામાં કાળા વાળને સફેદ થતાં જોયાં, પરિવર્તનની પ્રક્રિયાને જોતાં જોતાં એમને સત્યનું રીયલાઈઝ થયું અને નાના રાજકુંવરને પ્રધાનને સોંપી, ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી લીધી.

દીક્ષા ગ્રહણ કરી સમવસરણની બહાર 'સ્વ' સાથે કનેક્શન કરવા ધ્યાન સાધનામાં લીન થઈ ગયાં.

'સ્વ' નું સ્વ સાથે કનેક્શન કરવા જેને માધ્યમ બનાવવામાં આવે એનું નામ 'દીક્ષા'!

પ્રસન્નચંદ્ર રાજા જે દિવસે પ્રસન્નચંદ્ર મુનિ બન્યાં તે દિવસથી એમણે આંખો બંધ, કાન બંધ, હોઠ બંધ અને જરૂર વિના હાથ-પગ પણ હલાવવાનું બંધ કરી સાધનામાં સ્થિર ઊભા રહી ગયાં. સાધનામાં મસ્ત થવા લાગ્યાં.

વ્યક્તિ જ્યાં સુધી 'સ્વ' માં રહે, ત્યાં સુધી સાધનામાં મસ્ત રહી શકે અને જેવા 'પર' માં જાય, બીજાનું સાંભળવા જાય એટલે ત્રસ્ત થઈ જાય.

પ્રસન્નચંદ્ર મુનિના કાનમાં ભગવાનના દર્શનાર્થે આવનાર લોકોના શબ્દો પડે છે... અરે! આ તે કેવા રાજા છે ? પોતે અહીંયા આરામથી ઊભા છે અને ત્યાં નાનકડા રાજકુંવર પાસેથી બીજા રાજાઓ રાજ્ય પડાવી લેવાની તૈયારી કરી રહ્યાં છે.

રાજા શબ્દો સાંભળી વિચારમાં પડી ગયાં, એક કલ્પના કરવા લાગ્યાં, પોતે રાજા છે, રાજ મહેલમાં છે અને હરીફ રાજાને હરાવવાના પ્લાન કરવા લાગ્યાં.

પ્રસન્ન મુનિના કાનમાં કોઈ અજાણ્યા રાજકુંવરની વાત આવી હોય તો ? ? ? તો એમને કોઈ અસર ન થાત, પણ અહીં પોતાના દીકરાની વાત હતી!

**જ્યાં મમત્વ આવે છે, ત્યાં સમત્વ ટકતું નથી.**

પ્રસન્નમુનિ તો વિચાર કરતાં કરતાં યુધ્ધના મેદાનમાં પહોંચી ગયાં, મનોમન યુધ્ધ પણ કરે છે. ત્યાં જ મહારાજા શ્રેણિક ત્યાંથી પસાર થાય છે. સમવસરણની બહાર ધ્યાનસ્થ મુનિને જોઈને તેમના પ્રત્યે અહોભાવ પ્રગટે છે. સમવસરણમાં જઈ ભગવાનને વંદન કરી પૂછે છે,"હે ભગવાન! પ્રસન્નમુનિ કેટલા ધ્યાન સાધનામાં મગ્ન છે, માનો કે, અત્યારે એમનું મૃત્યુ થાય તો ક્યાં જાય ?"

ભગવાન કહે છે, સાતમી નરકમાં!!

મહારાજા શ્રેણિક વિચારમાં પડી જાય છે. અરે! સાધુ થઈને સાતમી નરકમાં.!! આટલા ધ્યાનમાં લીન છતાં નરકમાં!! એમને કાંઈ સમજાતું નથી, ત્યારે ભગવાન સમજાવે છે, અત્યારે એમનો દેહ ક્યાંક છે અને મન ક્યાંક છે. જીવન ક્યાંક છે અને જીવ ક્યાંક છે. દેહ ધ્યાનમાં છે પણ મનનું ધ્યાન બીજે છે.

થોડીવાર પછી ફરી પૂછે છે, હે ભગવાન! શું પ્રસન્નમુનિ નરકમાં જશે ?

ભગવાન કહે છે, ના! જો અત્યારે મૃત્યુ પામે તો પહેલાં દેવલોકમાં જઈ શકે.

કેમ આવું ? ?

અત્યાર સુધી મનથી યુધ્ધના મેદાનમાં હતાં, ભાવથી

યુધ્ધ કરી રહ્યાં હતાં અને ભાવાવેશમાં પોતાના મુગટ પર હાથ મૂક્વા જાય છે ત્યાં માથે મૂંડન જણાય છે, અરે ! મારો મુગટ ક્યાં છે ? ?

જ્યાં આ વિચાર આવે છે ત્યાં જ તેને ભાન થઈ જાય છે... અરે ! હું રાજા નહીં, હું તો સંત છું. હું તો પંચ મહાવ્રતધારી સાધુ છું. મેં તો ભગવાન મહાવીરના ચરણ અને શરણમાં સંસારનો ત્યાગ કરી સંયમ અંગીકાર ર્ક્યો છે. અરેરે ! મેં મનથી આવા વિચાર ર્ક્યા, મેં મનમાં ને મનમાં યુધ્ધ ર્ક્યું, મને મારા સંસારી દીકરા માટે મમત્વના ભાવ જાગ્યાં. અરેરે ! મારાથી આવી ભૂલ થઈ ગઈ ! !

અંદરમાં ને અંદરમાં વેદના, પસ્તાવો, પોતાની ભૂલ માટે પોતાની જાત પ્રત્યે ધિક્કાર ભાવ ! !

"હે ભગવાન ! મારી ભૂલને માફ કરી દયો, હે પ્રભુ ! મારાથી બહુ મોટી ભૂલ થઈ ગઈ ! ! હે ભગવાન ! મેં સંત થઈને મનથી યુધ્ધ ર્ક્યું... વગર તલવારે, કલ્પનાની તલવારથી, ભાવથી અનેકની કત્લ કરી, હે ભગવાન મને માફ કરો ! !"

સ્વનિંદાની શરૂઆત થઈ ગઈ, એક તરફ પોતાની ભૂલ માટે આત્મનિંદા અને એક તરફ પસ્તાવાના જળ સાથે આત્મ શુધ્ધિ ! ! પસ્તાવો અશ્રુ બની આંખોમાંથી વહેવા લાગ્યો. શ્રેણિક મહારાજા પૂછે છે, 'ભગવાન ! આ શું સાતમી નરકમાં જનારો જીવ ક્ષણભરમાં દેવલોકમાં ? ? ?'

ભગવાન કહે છે, રાજન્ ! પ્રસન્નમુનિ તો જ્ઞાની બની ગયાં છે. મોક્ષગામી બની રહ્યાં છે. એમનો આત્મા શુધ્ધ-વિશુધ્ધ બની રહ્યો છે.

થોડીવાર પહેલાં સાતમી નરક, થોડી વાર પછી દેવલોક અને થોડીવારમાં જ મોક્ષગામી ! ! !

'મારી ભૂલ થઈ ગઈ', પસ્તાવા સાથે બોલાયેલું એક વાક્ય અને મુનિના ભાવ કર્મ, દ્વવ્ય કર્મ, આત્મા પર લાગેલાં બધાં જ કર્મો ક્ષય થઈ ગયાં.

**પ્રશ્ચાતાપ અનંતા કર્મોને બાળી નાંખે છે. પ્રશ્ચાતાપની આગમાં એટલી તાકાત હોય છે, સ્વ નિંદામાં એટલી ક્ષમતા હોય છે.**

તમે ભલે સંસારમાં હો, પણ દરેક કાર્ય વખતે એટલું તો યાદ હોવું જ જોઈએ કે, ભલે સંસારમાં છું એટલે કરવું પડે છે, પણ 'આ મારી ભૂલ છે', ક્યારે એવો અપૂર્વ અવસર આવે અને ક્યારે હું મારી ભૂલને સુધારી શકું ! !

રોજ પહેરાંતા કપડાં રોજ મેલાં થાય અને રોજ મેલાં થતાં કપડાં જો રોજ ધોવાય જાય તો તે ક્યારેય કધોણિયા ન થાય.

એટલે, રોજના પાપ માટે રોજની આલોચના, રોજની નિંદા અને રોજની ગર્હા થાય તો નિકાચિત કર્મો ન બંધાય !

જો રોજેરોજ કર્મોનો ક્ષય થતો હોય તો જ્યારે મૃત્યુની ક્ષણ આવે ત્યારે આત્મા કેવો હળુકર્મી બની ગયો હોય ! !

આખો ભવ સંસારમાં વિતાવ્યા પછી પણ આત્માને આલોચના, નિંદા અને ગર્હા દ્વારા આત્માને હળુકર્મી બનાવી શકાય છે.

જૈન ધર્મ ભાવનો ધર્મ છે.

ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન,

ભાવે ધર્મ આરાધીએ, ભાવે કેવળ જ્ઞાન.

ભગવાને માથાના મુગટને ત્યાગી, મૂંડન કરવાનું કહ્યું, એમાં પણ કેટલું મોટું તથ્ય છે ! !

ભગવાને મુહપત્તી અને રજોહરણ ધારણ કરવાનું કહ્યું એની પાછળ પણ મોટું સિક્રેટ સમાયેલું છે.


ભગવાન કહે છે :

**'ઉપકરણ એ અંતઃકરણને**
**શુધ્ધ કરવાનું કારણ છે.'**

જે સાધના મોક્ષમાં જવા માટે સહાયક હોય તેને ઉપકરણ કહેવાય, પછી એ મૂંડન હોય તો મૂંડન પણ ઉપકરણ કહેવાય અને જે સાધન સંસાર તરફ લઈ જાય તેને અધિકરણ કહેવાય.

અધિકરણને ઉપકરણ બનાવી આત્મશુધ્ધિ કરીએ, એ જ ભાવોને અંતરમાં ધરીએ.

"જ્યાં સુધી **એક્શન** છે,
ત્યાં સુધી **રીએક્શન** છે."



# કેવળજ્ઞાન વૃક્ષની આયુર્વેદિક અગત્યતા



*તીર્થંકર પરમાત્માને જે વૃક્ષ નીચે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, તે વૃક્ષ ચૈત્યવૃક્ષ કહેવાય છે. જે વૃક્ષ નીચે પરમાત્માને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તે વૃક્ષનું આધ્યાત્મિક મહત્ત્વ તો હોય જ છે, પણ તે વૃક્ષની આયુર્વેદિક અગત્યતા પણ અનેકગણી હોય છે.*

*આવો... આપણે જાણીએ... આપણા **24** તીર્થંકર પરમાત્માને...*

*કોને, કયા વૃક્ષ નીચે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું? અને એ વૃક્ષની કઇ વસ્તુ, કયા રોગમાં પણ કેટલી ઉપયોગી છે?.*

## ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથ સ્વામી

| | | | |
|---|---|---|---|
| જન્મ દેશ | : કુણાલ | રાજ્ય પદવી | : માંડિલક રાજા |
| જન્મ નગર | : શ્રાવસ્તિ | કેવળજ્ઞાન નગરી | : શ્રાવસ્તિ |
| લાંછન | : અશ્વ | કેવળજ્ઞાન વન | : સહસ્ત્રામ્રવન |
| વર્ણ | : સુવર્ણ | કેવળજ્ઞાન વૃક્ષ | : સંસ્કૃત નામ - સાલ |
| ભવ સંખ્યા | : 3 | હિંદી નામ | : શાલ, શેલી, સાકખુ |
| આયુષ્ય | : 60 લાખ પૂર્વ | ગુજરાતી નામ | : શાલ |
| માતા | : સેના રાણી | Botanical Name | : Shoree Robusta (Sal Tree) |
| પિતા | : જિતારિ | વૃક્ષની ઊંચાઈ | : 60 ft. |
| પત્ની | : ત્રિલોચના | નિર્વાણ સ્થાન | : સમ્મેત શિખર |
| સંતાન | : 3 પુત્ર | | |

### : કેવળજ્ઞાન વૃક્ષના ઉપયોગી અંગો :

ત્વક્ (Skin)

### : કેવળજ્ઞાન વૃક્ષની રોગમાં ઉપયોગીતા :

કફ-પિત શામક, રક્ત સ્તંભન, મેદ શોષણ, મૂત્ર સંગ્રહનીય, વ્રણ શોધન, કર્ણ રોગઘ્ન કફઘ્ન

### : ઔષધીઓના નામ :

સાલ સારાદિ કવાથ, સર્જસરાદિ મલ્હમ, અતસ્યાદિ લેપ



❁ રાષ્ટ્ર સંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી ❁
ધર્મનગરી જામનગરમાં
સેવા, સાધના અને સત્કાર્યનું સંકુલ

# PARASDHAM
JAMNAGAR

**: પારસધામ ભૂમિ દાતા :**

ધર્મવત્સલા માતુશ્રી વસંતબેન મનુભાઈ પુનાતર
મહેતા નિવાસ - રણજિત રોડ - જામનગર

卐

**: પારસધામ મુખ્ય નામ દાતા :**

શ્રીમતી મણીબેન પોપટલાલ પરસોત્તમદાસ મહેતા
શ્રી વિજયાબેન રંગીલદાસ પોપટલાલ મહેતા

**卐 જૈનમ જયતિ શાસનમ્ ધર્મ દ્વાર ₹ 11 લાખ 卐**

## : ગ્રાઉન્ડ ફ્લોર :


| | | | | | |
|---|---|---|---|---|---|
| ✦ વ્યાખ્યાન હોલ | : | ₹ 31 લાખ | ✦ મોક્ષ માર્ગ પ્રવેશદ્વાર સીડી | : | ₹ 2.51 લાખ |
| ✦ મહામંત્ર નમસ્કાર મંત્ર (તકતી) | : | ₹ 5 લાખ | ✦ લિફ્ટ નામકરણ | : | ₹ 2 લાખ |
| ✦ ઉવસગ્ગહર સિધ્ધ પિઠિકા | : | ₹ 11 લાખ | ✦ સાધનાકક્ષ રૂમ (એક રૂમના) | : | ₹ 2.51 લાખ |
| ✦ ચત્તારિ મંગલ | : | ₹ 5 લાખ | ✦ માંગલિક (તકતી) | : | ₹ 1.51 લાખ |

✦ પ્રવચન પાટ: ₹ 1.51 લાખ ✦

## ફર્સ્ટ ફ્લોર :

| | | | | | |
|---|---|---|---|---|---|
| ✦ વિવિધલક્ષી હોલ | : | ₹ 11 લાખ | ✦ નિર્જરા કક્ષ | : | ₹ 3 લાખ |
| ✦ ગૌતમ ગોચરી કક્ષ | : | ₹ 3 લાખ | ✦ સાધના કક્ષ | : | ₹ 3 લાખ |

✦ જૈન પ્રતિક: ₹ 1.51 લાખ ✦




## : સેકન્ડ ફ્લોર :

| | | |
|---|---|---|
| ✦ આરાધના રૂમ 1 | : | ₹ 2 લાખ |
| ✦ આરાધના રૂમ 2 | : | ₹ 2 લાખ |
| ✦ આરાધના રૂમ 3 | : | ₹ 2 લાખ |
| ✦ આરાધના રૂમ 4 | : | ₹ 3 લાખ |
| ✦ આરાધના રૂમ 5 | : | ₹ 3 લાખ |
| ✦ સ્ટોર રૂમ | : | ₹ 1.51 લાખ |

## : થર્ડ ફ્લોર :

| | | |
|---|---|---|
| ✦ મલ્ટિપરપઝ રૂમ | : | ₹ 2 લાખ |
| ✦ ધ્યાન રૂમ | : | ₹ 1.5 લાખ |
| ✦ સ્ટોરરૂમ | : | ₹ 1.5 લાખ |

જનરલ શીલાલેખ: ₹ 1 લાખ 51 હજાર ✦ દાતાઓના નામો અંકિત કરવામાં આવશે




## પ્રેરણાથી પરમાર્થની અનુમોદના

**સત્કાર્ય સદાય સત્ પ્રેરણાનું નિમિત્ત બનતું હોય છે.**

રાષ્ટ્ર સંત પૂજ્ય ગુરુદેવશ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના વિશ્વભરમાં વ્યાપ્ત મિશન્સ અને એ મિશન્સ દ્વારા થતાં સેવા, સાધના અને સત્કાર્યોથી પ્રભાવિત થતાં જામનગરના માતુશ્રી વસંતબેન મનુભાઈ પુનાતરના હૃદયમાં પરમાર્થના કાર્ય કરવાની પ્રેરણા પ્રગટ થતાં એમણે એમની સંપત્તિ એમના જામગનરના પોશ વિસ્તારમાં સ્થિત આવાસનું અનુદાન **'પારસધામ-જામનગર'** ના નિર્માણ અર્થે સ્વેચ્છાએ અર્પણ કરવાની ભાવના પ્રગટ કરતાં એક નવ્ય ધર્મ સંકુલનું જામનગરમાં સર્જન થશે.

**રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીને આ પહેલાં તેઓ ક્યારેય પ્રત્યક્ષ મળ્યા ન હતા પણ એમના સત્કાર્યો અને રાષ્ટ્ર ઉત્કર્ષની શુભ ભાવના જ એમની પ્રેરણા બની ગઈ હતી.**

પૂજ્ય ગુરુદેવશ્રીના 43$^{rd}$ જન્મોત્સવ 'માનવતા મહોત્સવ' ના શુભ અવસરે વિશાળ સમુદાયની ઉપસ્થિતિમાં પોતાનું અનુદાન અર્પણ કરી, એક અનજાન સંત પ્રત્યે અનન્ય ભક્તિ અને પ્રેરણાથી પરમાર્થની ભાવનાનું અનોખું દર્શન કરાવ્યું હતું.

મુંબઈ અને કોલકતાના પારસધામ નિર્માણથી હજારો ભાવિકો પરમાત્માની ભક્તિ અને સેવાના સત્કાર્યોનો લાભ લઈ રહ્યાં છે. જામનગરવાસીઓ માટે આવા સેવા, સાધના અને સમર્પણતાના સંકુલમાં પોતાની સંપત્તિનો સદુપયોગ કરવાની અમૂલ્ય તક પ્રાપ્ત થઈ છે. તન, મન, ધન, સમય અને શક્તિનો આપનો સહયોગ પારસધામના નિર્માણમાં મહત્વનો અંશ રહેશે અને આવનારી પેઢી માટે અનેરી પ્રેરણા રહેશે.

**નાનામાં નાની વ્યક્તિ પણ પરમાત્માના આ કાર્યમાં પોતાનું યોગદાન આપી સહયોગી બની શકે છે.**
**સર્વની ભાવના સહર્ષ સ્વીકાર્ય છે.**

### વધુ વિગત માટે સંપર્ક

**: જામનગર :**

- શ્રી વી. પી. મહેતા
- શ્રી ભરતભાઈ પટેલ
- શ્રી નિલેષભાઈ ટોલીયા
- શ્રી સુશીલભાઈ કામદાર
- શ્રી પ્રદીપભાઈ ખજુરીયા
- શ્રી વિજયભાઈ સંઘવી
- શ્રી અરવિંદભાઈ કે. શાહ
- શ્રી ચેતનભાઈ ડી. શાહ
- શ્રી શશાંકભાઈ ડી. દોશી

✦ વી. પી. મહેતા એન્ડ કું. સોલહેર, ત્રીજે માળે, ઈન્દિરા ગાંધી માર્ગ, જામનગર - 360008. ✦

**: કોલકત્તા :**

✦ શ્રી હર્ષદભાઈ અજમેરા ✦
✦ શ્રી જસ્વીરભાઈ શેઠ ✦

**: મુંબઈ :**

✦ શ્રી જીતુભાઈ વોરા ✦
✦ શ્રી પ્રવિણભાઈ પારેખ: 09820504911 ✦

# જામનગરમાં સર્જાશે... પારસધામ

ભગવાન મહાવીરના શાસનને જયવંતુ રાખવા સમય અને સંજોગો પ્રમાણે પરિવર્તન જરૂરી છે. વિવિધ ક્ષેત્રોમાં પારસધામ, પાવનધામ, પવિત્રધામ જેવા સેવા, સાધના, જ્ઞાન આરાધના અને સત્કાર્યોના સંકુલના સર્જન એ રાષ્ટ્ર સંત પૂજ્ય ગુરુદેવની દીર્ઘદૃષ્ટિ અને સમાજ ઉત્કર્ષની ભાવનાનું બીજ છે.

મુંબઈ, કોલકતા, રાજકોટ, વડોદરા આદિ ક્ષેત્રોના ધામમાં ચાલતી આત્મિક, આધ્યાત્મિક અને માનવતા - જીવદયાની પ્રવૃત્તિઓથી પ્રેરિત થઈ જામનગરના પોશ વિસ્તારમાં રહેતાં ધર્મવત્સલા માતુશ્રી વસંતબેન મનુભાઈ પુનાતર એ એમની 6000 સ્કે. ફીટની ભૂમિનું દાન રાષ્ટ્ર સંત પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં **'પારસધામ'**ના નિમાર્ણ અર્થે અર્પણ કરતાં જામનગરમાં પણ પોઝીટીવ એનર્જીના પાવરહાઉસ સમ અનેક પ્રવૃત્તિઓથી ધમધમતા 'પારસધામ'નું નિર્માણ થવા જઈ રહ્યું છે ત્યારે તેનું ખાતમુહૂર્ત જામનગરના સમસ્ત જૈન સમાજ અને અગ્રણી મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઉમંગભર્યા માહોલ વચ્ચે સંપન્ન થયું હતું.

પારસધામના નિર્માણ માટે શ્રીમતી મણીબેન પોપટલાલ પુરુષોત્તમભાઈ મહેતા અને શ્રીમતી વિજ્યાબેન રંગીલદાસ પોપટલાલ મહેતાએ મહત્તમ અનુદાન જાહેર કરતાં હર્ષનાદ ગુંજયો હતો તથા સ્થાનિક સ્તરે શ્રી વી.પી. મહેતા, શ્રી નિલેશભાઈ ટોલીયા, શ્રી ભરતભાઈ પટેલ, શ્રી વિજયભાઈ સંઘવી, શ્રી પ્રદીપભાઈ ખજુરીયા, શ્રી શશાંકભાઈ દોશી, શ્રી ચેતનભાઈ શાહ, શ્રી સુશીલભાઈ કામદાર, શ્રી અરવિંદભાઈ શાહ આદિનો સમાવેશ થાય છે.

આ અવસરે જામનગરના જૈન ધર્મના વિવિધ ફીરકાઓ, જૈન સંઘો, હોદ્દેદારો, ગોંડલ સ.ના સંપ્રદાયરત્ન શ્રી પ્રવીણભાઈ કોઠારી, પારસધામ મુંબઈના શ્રી પ્રવીણભાઈ પારેખ, શ્રી જીતુભાઈ વોરા, પારસધામ-કોલકતાના પ્રમુખ શ્રી હર્ષદભાઈ અજમેરા, શ્રી જશવીરભાઈ શેઠ, પવિત્રધામ - અમદાવાદના પ્રમુખ શ્રી કમલેશભાઈ મહેતા, પારસધામ જામનગરના શ્રી વી.પી. મહેતા, જૈન અગ્રણી અને જાણીતા બિલ્ડર શ્રી નિલેશભાઈ ટોલીયા અને શ્રી ભરતભાઈ પટેલની ઉપસ્થિતિ પ્રસંશનીય હતી. જ્યારે એમનું પ્રાસંગિક ઉદ્દબોધન માહિતીસભર હતું.

પારસધામ નિર્માણમાં જેમણે સેવા આપી છે તેવા એડવોકેટ શ્રી ભરતભાઈ સુખપરિયા, આર્કીટેક શ્રી કીર્તિભાઈ ઝવેરી, મુંબઈના આર્કીટેક શ્રી ધર્મેન્દ્રભાઈ માધાણી, શ્રી વીનુભાઈ મહેતા, અને શ્રી રમણિકભાઈ શાહનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન શ્રી પરાગભાઈ વોરાએ અને આભાર દર્શન શ્રી શશાંકભાઈ દોશીએ કર્યું હતું.

માતુશ્રી વસંતબેનના સ્વપ્નને સાકાર કરતાં, સુખ, શાંતિ અને સમાધિ આપતાં, પારસધામના નિર્માણ કાર્યમાં યથાશક્તિ અર્થદાન, સમયદાન, શ્રમદાન આપવાની રાષ્ટ્ર સંત પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાને જામનગરના ભાવિકોએ સહર્ષ વધાવી હતી અને સંપૂર્ણ સહયોગ આપવાની તૈયારી બતાવી હતી.





# વડોદરાઃ સંયમ ઉત્સવ

જ્યારે કોઈ નિમિત્તમાં સમૂહનો ઉત્સાહ અને ઉમંગ ભળે છે ત્યારે ઉત્સવ ઉજવાય છે. વડોદરાના આંગણે, સમસ્ત સ્થા. જૈન સંઘ વડોદરા, આણંદ અને બોરસદના ઉપક્રમે સંયમી આત્માઓની ત્રણ પેઢીને અભિવંદના પાઠવવાનો અપૂર્વ અવસર પ્રાપ્ત થતાં **માતુશ્રી નિર્મળાબેન (કીકીબેન) ત્રંબકલાલ દેસાઈ - પાવનધામના** પ્રાંગણે સંયમ ઉત્સવ  ભક્તિ ભાવ અને વિવિધ આયોજનો સાથે ત્રિદિવસીય મહોત્સવ રૂપે ઉજવાયો.

વિરલ પ્રજ્ઞા શ્રી વીરમતીબાઈ મ. શ્રી બિંદુબાઈ મ., ડૉ. શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ., શ્રી પરમ સૌમ્યાજી મ., શ્રી પરમ સંબોધિજી મ., શ્રી પરમ પવિત્રાજી મ., શ્રી પરમ સમાધિજી મ., શ્રી પરમ તપસ્યાજી મ., શ્રી પરમ દિવ્યતાજી મ., શ્રી પરમ મિત્રાજી મ., શ્રી પરમ અનન્યાજી મ. તેમજ શ્રી પરમ પ્રતિષ્ઠાજી મ. આદિ ઠાણા ના પાવન સાંનિધ્યે તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. ની 17 મી પુણ્ય તિથી, રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીની 24 મી દીક્ષા જયંતિ - સંયમ રજત જયંતિ વર્ષ શુભારંભ અને ગત વર્ષે ઘાટકોપરમાં દીક્ષિત થયેલ નવ-નવ સાધ્વીરત્નાઓની પ્રથમ સંયમ જયંતિ, ત્રણ દિવસ સુધી ‘સંયમ ઉત્સવ’ રૂપે સવાર - બપોર અને સાંજના દરરોજ પ્રવચન, કપલ શિબિર, માય ફર્સ્ટ ગોડ મધર એન્ડ ફાધર શિબિર, શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર જાપ, ભક્તિ, સત્સંગ, કવીઝ, પ્રશ્નોતરી, ટોક શો, નાટિકા, આદિ આયોજનો સાથે સંયમ ઉત્સવ ઉજવાયો હતો.

આ અવસરે ગોંડલ સં. ના સંપ્રદાયરત્ન શ્રી પ્રવીણભાઈ કોઠારી વિશેષ ભાવ સાથે નવ દીક્ષિતાઓને અભિવંદના પાઠવવા આવ્યાં હતાં. આંખોમાં ગૌરવ મિશ્રિત અશ્રુ સાથે એમણે કહ્યું હતું, ‘‘ગોંડલમાં જ્યારે એમને આજ્ઞા આપી તે દિવસ યાદ આવે છે. રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવના સાંનિધ્યમાં તૈયાર થયેલ આ દીકરીઓ સાધ્વીરત્ના બની, જરૂર ગોંડલ સંપ્રદાયની શાન વધારશે અને એ આજે અનુભવાય છે.’’

ત્રિદિવસીય મહોત્સવમાં ગોંડલ, રાજકોટ, કોલકત્તા, જલગાંવ, મુંબઈ, અમદાવાદ આદિ ક્ષેત્રોમાંથી અગ્રણી મહાનુભાવો અને સંઘ પ્રતિનિધીઓ, સાથે નવ-નવ દીક્ષિતાઓના સંસારી માતા-પિતા અને ધર્મ માતા-પિતા તથા ગુરુ ભક્તો, અર્હમ યુવા ગ્રુપ, લુક એન લર્ન આદિ ઉપસ્થિત રહ્યાં હતાં.

વિરલ પ્રજ્ઞા શ્રી વીરમતીબાઈ મ. આદિ ઠાણા આઠ વર્ષ બાદ અને નવદીક્ષિતાઓ પ્રથમ વખત પધારતાં વડોદરાના ભાવિકોમાં અનેરો આનંદ અને ઉલ્લાસ હતો, જે નગર પ્રવેશ એવમ્ પાવનધામ પ્રવેશ વખતની સ્વાગત શોભા યાત્રામાં સ્પષ્ટ જણાતો હતો. પાવનધામ પ્રમુખ શ્રી ઉમેદભાઈ ફીફાદરા, અલકાપુરી સંઘ પ્રમુખ શ્રી હરેશભાઈ લાઠીયા, શ્રી સંજયભાઈ શાહ, શ્રી ચેતનભાઈ શાહ, શ્રી જયેશભાઈ શાહ આદિની સેવા અને વૈયાવચ્ચ ભાવના પ્રસંશનીય હતી. અર્હમ યુવા ગ્રુપ, મહિલા મંડળ, લુક એન લર્ન આદિની મહેનત નોંધનીય હતી.

જૂનાગઢ સંઘના સભ્યો ખાસ આયંબિલ ઓળીની વિનંતી કરવા પધાર્યાં હતાં. આ અવસરે સાધકોએ પોતાની અનુભૂતિ ટોક-શો દ્વારા પ્રસ્તુત કરી હતી, જ્યારે રાજકોટના ભાવિકોએ પૂજ્ય ગુરુદેવના જીવનકવન ઉપર નાટિકા પ્રસ્તુત કરી હતી. અનન્ય અવધૂત, મેરે ભાવ આપકે લિએ, પરમ આગમ, જૈન-ક્રાંતિ અને લુક એન લર્નનું લોકાર્પણ કરવામાં આવેલ. અર્હમ સત્સંગની પ્રેરણા કરવામાં આવેલ.





# પરમધામ શીલા સ્થાપન સંપન્ન



મુંબઈ-નાસિક હાઈવે પર નિર્માણ થનાર પરમાત્મ તત્વની અનુભૂતિ કરાવતાં સાધના-ઉપાસનાના 'પરમધામ'નું ભૂમિ પૂજન તપસમ્રાટ શ્રધ્ધાંજલિ સ્મૃતિ દિને ચતુર્વિધ સંઘ ઉપસ્થિતિમાં સંપન્ન થયું.

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવની કલ્પનાને કૃતિ બનાવવા અનેક પરિવારો, ભાવિકો, ભક્તજનો સંપત્તિદાન, શ્રમદાન અને ઉપયોગદાન અર્પણ કરવા કટિબધ્ધ થયાં છે.

પ્રકૃત્તિના આંગણે 'પરમધામ' એક એવું ધામ બનશે જ્યાં સાધના, આરાધના, ઉપાસના માટેના પોઝીટીવ પિરામીડ સ્થાન સાથે મંત્ર મંદિર, ગુરુ મંદિર, જ્ઞાન મંદિર, ધ્યાન મંદિર હશે.

આવા આત્મ કલ્યાણના ઉત્તમ સ્થાન માટે મહત્તમ અનુદાન આપનાર દેસાઈ પરિવારના **'માતુશ્રી નિર્મળાબેન (કીકીબેન) ત્રંબકલાલ દેસાઈ - પરમધામ'** નામકરણ આપવામાં આવેલ છે.

આ અવસરે પેટરબાર બિરાજિત ગોંડલ ગચ્છ શિરોમણી પૂજ્ય શ્રી જયંતમુનિજી મ.સા. ના આશીર્વાદ સાથે એમણે દર્શાવેલ જૈન શાસ્ત્રોક્ત વિધી અનુસાર 'શિલાલેખ સ્થાપન વિધી' કરવામાં આવેલ. જેનો લાભ શ્રી શૈલેશભાઈ દેસાઈ, શ્રી પરાગભાઈ શાહ, શ્રી કુમુદભાઈ મહેતા, શ્રી બર્જીસભાઈ દેસાઈ, શ્રી મૂળરાજભાઈ છેડા, શ્રી કેતનભાઈ દોશી, શ્રી ગિરીશભાઈ દેસાઈ, શ્રી પ્રવીણભાઈ પારેખ, શ્રી કીરીટભાઈ મહેતા, શ્રી રાજુભાઈ બાવીસી, શ્રી પ્રદીપભાઈ દોશી, શ્રી હેમલભાઈ દોશી, શ્રી હિતેનભાઈ કામદાર અને શ્રી વિશાલભાઈ શાહ (ચેન્નઈ), શ્રી હર્ષદભાઈ અજમેરા અને શ્રી જશવીરભાઈ શેઠ (કોલકત્તા), શ્રી સ્વપ્નીલભાઈ મકાતી (અમદાવાદ) આદિ અનેક ભાવિકોએ લીધેલ.

આ અવસરે શુભેચ્છા અર્પણ કરવા મહાસંઘના શ્રી પ્રાણલાલભાઈ વેકરીવાળા, મંત્રી શ્રી દીલીપભાઈ રાંભિયા તથા પારસધામ-મુંબઈ, પારસધામ-કોલકત્તા, પાવનધામ-કાંદિવલી, પાવનધામ-હાવડા, શ્રી હીંગવાલા લેન, મલાડ, માટુંગા, ગારોડીયા, સંઘાણી, કામાગલી, રાજાવાડી, તારદેવ, લોખંડવાલા, તિલકનગર, સર્વોદયનગર, બોરીવલી, યોગીનગર, પાર્લા, ગોંડલ, રાજકોટ, જામનગર, અમદાવાદ આદિ સંઘો, રાજનેતાઓ માનનીય શ્રી પ્રકાશભાઈ મહેતા, શ્રી એકનાથજી શિંદે, શ્રી કપિલજી પાટીલ, શ્રી પ્રકાશજી પાટીલ, શ્રી સંતોષજી શિંદે, શ્રી વસંતજી લોને, શ્રી દીપાલીજી સેલાર, શ્રી સચિન ગોડવિંદે, શ્રી સુભાષ ફાકે, શ્રી સંજયજી મિશલકર, શ્રી યોગેશજી સાગર, લીલાવતી હોસ્પિટલના શ્રી રેખાબેન શેઠ, શ્રી કિરણજી સુખસે, શ્રી શાંતારામ મોટે, શ્રી રમેશભાઈ મોરબીયા, શ્રી સાવરકરજી, શ્રી સુર્વેકરજી, ડૉ. શ્રી દીપકભાઈ સાવંત આદિ પધારેલ.

મહાસંઘના મંત્રી શ્રી દીલીપભાઈ રાંભિયા, કેબીનેટ મિનિસ્ટર શ્રી પ્રકાશભાઈ મહેતા, શ્રી યોગેશજી સાગર અને શ્રી પરાગભાઈ એ પૂજ્ય ગુરુદેવની પરમાર્થ સાધના, શક્તિ સામર્થ્ય, સ્વાનુભવ તથા નેકસ્ટ જનરેશન માટેના પુરુષાર્થની પ્રશસ્તિ સાથે આરાધના ભૂમિના પૂજનની શુભેચ્છા વંદના પાઠવી હતી.

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીએ અસીમ ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. ના અલગારીપણા અને અલિપ્તતાના ગુણગ્રામ સાથે ભાવભરી



શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

પૂજ્ય ગુરુદેવશ્રીની **'અર્હમ આહાર'** યોજનાને સહર્ષ સ્વીકારી સાંતાક્રુઝના ઉદારદિલા શ્રાવકે બે વેન અર્પણ કરી હતી, જેનું ઉદ્‌ઘાટન શ્રી પ્રકાશભાઈ મહેતાએ કર્યું હતું. આ વેન પારસધામ અને પાવનધામથી દરરોજ બપોરે ભૂખ્યાંને ભોજન આપવા જશે.

પરમધામ ભૂમિપૂજન અવસરે અર્હમ યુવા ગ્રુપ દ્વારા પરમધામની આસપાસના રિમોટ વિસ્તારમાં અને વાલ્કસ ગામમાં વસતાં ગરીબ પરિવારોમાં લાડવા ગાંઠીયાના પેકેટનું વિતરણ કરવામાં આવેલ.





## રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીની સંયમ જયંતિ અવસરે ભાવ સંયમની અનેરી પ્રેરણા...

પરમધામના પાવન પ્રાંગણે રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીની સંયમ રજત જયંતિ શુભારંભ અવસરે પૂજ્ય ગુરુદેવે વર્તમાન પંચમ આરામાં ભાવ હોવા છતાં પણ દીક્ષા લઈ ન શકતાં, અનેક આત્માઓ માટે સંસારમાં રહીને સંયમિત જીવન જીવી શકે, સાધુત્વનો અનુભવ કરી શકે અને ભવિષ્યમાં દીક્ષા લઈ શકે એવા શુભ લક્ષ્ય સાથે ભાવ સંયમની પ્રેરણા કરી હતી, જેને ખૂબ જ સરસ પ્રતિભાવ પ્રાપ્ત થયો હતો.

પૂજ્ય ગુરુદેવે ભાવ સંયમની સમજ આપતાં જણાવ્યું હતું કે ભાવ સંયમ આત્મ સંયમ તરફ લઈ જતી યાત્રા છે, આવતા ભવના સંયમની તૈયારી છે.

ભાવદીક્ષા એટલે સદ્‌ગુરુ સાથે સહકર્મિતા સાધવી, સતત જ્ઞાતાદૃષ્ટાભાવમાં રહેવું, સંયમ ભાવને દૃઢ બનાવવા, સ્મરણ, સ્મૃતિ, શ્રધ્ધા અને સમર્પણતાને ઉત્કૃષ્ટ બનાવવા પૂજ્ય ગુરુદેવની ભાવના છે કે, આત્મ ઉન્નતિના લક્ષ્ય સાથે, દૃઢ મનોબળ સાથે, પરિવારજનોની સંમતિ સાથે સાધુ જીવન શૈલી જીવનારા અને સાધુ જીવનના અમુક નિયમોનું નિષ્ઠાપૂર્વક પાલન કરનારા એક હજાર આઠ ભાવિકોને જાહેરમાં 'ભાવદીક્ષા' નો મંત્ર આપી ભાવદીક્ષા પદથી સન્માનિત કરવા.

આ અવસરે પૂ. શ્રી પિયુષમુનિ મ.સા., ડૉ. શ્રી ડોલરબાઈ મ., શ્રી પૂર્ણાબાઈ મ., ગોંડલ સંપ્રદાય ના શ્રી પ્રવીણભાઈ કોઠારી, પારસધામ સંઘના શ્રી સંજયભાઈ સંઘવી, હીંગવાલા સંઘના શ્રી બિપીનભાઈ સંઘવી, લુક એન લર્નના શ્રી મૃદુલાદીદી, પાવનધામના શ્રી કેતનભાઈ દોશી, બોરીવલીના શ્રી દીપ્તીબેન ઝવેરી આદિએ પૂજ્ય ગુરુદેવને સંયમ શુભેચ્છા વંદન પાઠવી પોતાના ભાવો વ્યક્ત કરેલ.



# ડોંબીવલી :

ડોંબીવલી શ્રી સંઘમાં રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીની ચાર દિવસની સ્થિરતા દરમ્યાન સંઘ, અર્હમ યુવા ગ્રુપના યંગસ્ટર્સ, લુક એન લર્ન જૈન જ્ઞાનધામના દીદીઓ, બાળકો, મહિલા મંડળ, જૈન અજૈન ભાવિકો આદિએ ન માત્ર ગુરુવાણીનો લાભ લીધો હતો પણ યોગ્ય માર્ગદર્શન પણ પ્રાપ્ત કર્યું હતું.

રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ, શ્રી પિયુષમુનિ મ. સા., ડૉ. શ્રી ડૉલરબાઇ મ., આદિ ઠાણા-6 ની ભવ્ય સ્વાગત શોભા યાત્રા ઉપાશ્રય પધારતાં શ્રી વિરેનભાઇ શાહ એ સહુનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. સ્વાગત સમારોહ, મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર જાપ અને પ્રવચન બાદ શ્રી આશાબેન મહેતા આયોજિત અલ્પાહારનો લાભ સહુ એ લીધો હતો. દરરોજ સવારે અને સાંજે પૂ. ગુરુદેવે શ્રી ઉપાસકદશાંગ સૂત્ર આધારિત ભગવાનના સમયના શ્રાવકોની જીવન શૈલી કેવી હતી અને શા માટે તેઓ 'શ્રાવક' કહેવાતા એના ઉપર સરળ શૈલીમાં વિશ્લેષણ આપતાં જણાવ્યું હતું કે, એમની જીવનશૈલીમાં જેટલો ધર્મ હતો એના કરતાં અનેક ગણો ધર્મ આત્માના ભાવોમાં હતો, તેઓ નવ તત્ત્વના જાણકાર હતાં, પરમાત્મા પ્રત્યે પૂર્ણ શ્રધ્ધા અને સમર્પણતા હતી.

રવિવારના રોજ નવદીક્ષિતા શ્રી પરમ કૃપાજી મ. અને શ્રી પરમ વિરક્તાજી મ. ની પ્રથમ દીક્ષા જયંતિ 'સંયમ ઉત્સવ' રૂપે ઉજવાયી હતી. પૂજ્ય ગુરુદેવે તેમને આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, મનથી જે નબળા હોય તેમને સંયમ કઠીન લાગે જ્યારે મનથી જે સબળા હોય તેમને સંયમ સહેલો લાગે. આ અવસરે 108 ભાવિકોએ આયંબિલ તપની આરાધના કરી હતી.

પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી ડોંબીવલી સંઘમાં 'ચૌવિહાર હાઉસ' નો શુભારંભ થયો હતો અને વર્ષના 48 અઠવાડીયાનાં 48 દાતાઓનું અનુદાન પ્રાપ્ત થયું હતું. જ્યારે વૈયાવચ્ચ કીટનો એક વર્ષનો સંપૂર્ણ લાભ માતુશ્રી ધર્મિષ્ઠાબેન હસમુખલાલ વોરા પરિવારે લીધો હતો. આ યોજનામાં સાધુ-સંતોને જરૂરિયાત વસ્તુઓ-સોયથી પાત્રા સુધીની દરેક વસ્તુ વ્હોરાવી શકાશે. 'અર્હમ આહાર વેન' નું અનુદાન પ્રાપ્ત થતાં ડોંબીવલીથી દરરોજ બપોરે એ વેનમાં આહાર વિતરણનું સત્કાર્ય થશે.

શ્રી પરમ કૃપાજી મ. ને સંયમ શુભેચ્છા શાલ અર્પણ કરવાનો લાભ શ્રી કોકીલાબેન રજનીકાંત સખીદાર પરિવારે અને શ્રી પરમ વિરક્તાજી મ. નો લાભ એમના સંસારી પરિવારજનોએ લીધો હતો. નવદીક્ષિતા મહાસતીજીઓએ ગુરુ-ગુરુણી પ્રત્યે ઉપકાર ભાવ વ્યક્ત કર્યા હતાં. શ્રી ડોંબીવલી સંઘ અને શ્રી પાવનધામ સંઘે શાલ દ્વારા સન્માન કર્યું હતું. લુક એન લર્નના દીદીઓએ શુભેચ્છા ભાવ અને બાળકોએ ગીત રજુ કર્યાં હતાં.

બપોરે 'સંયમ અંતાક્ષરી' નું આયોજન કરવામાં આવેલ જ્યારે સાંજે અર્હમ યુવા ગ્રુપ દ્વરા 'ઋણ સ્વીકાર' નો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં અર્હમના યંગસ્ટર્સે રડતી આંખે પ્રેરણાદાતા પૂજ્ય ગુરુદેવનો, ઉપકારી માતા-પિતાનો અને સહાયક સંઘ પ્રત્યે ઉપકારભાવ વ્યક્ત કર્યો હતો, અંતરભાવથી ક્ષમાપના કરી હતી.

ઉપસ્થિત સર્વ ભાવિકોને નૌકારશી કરાવવાનો લાભ માતુશ્રી સુશીલાબેન નાનાલાલ મહેતા પરિવારે તેમજ સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી ચંદ્રાબેન વેણીલાલ ખોખાણી પરિવાર, માતુશ્રી લાભુબેન મણિલાલ ભાયાણી પરિવાર, માતુશ્રી જશવંતીબેન ચંદુલાલ દફતરી પરિવાર, પુણ્યશ્લોકી શ્રી હસુમતીબેન રોહિતભાઈ દફતરી પરિવાર તથા માતુશ્રી લીલમબેન મહેન્દ્રભાઈ મહેતા પરિવારે લીધો હતો.





# પાવનધામ (કાંદીવલી)માં ગુણાનુવાદ સભા




અનકાઈ બિરાજિત ધ્યાનસાધક પૂ. શ્રી હસમુખમુનિ મ.સા. ના આજ્ઞાનુવર્તી પૂ. શ્રી કિરણબાઈ મ. ના શિષ્યા પૂ. શ્રી યશકિરણજી મ. 13 દિવસની અનશન આરાધના કરીને રવિવાર તા. 15.02.2015 બપોરના 03:45 કલાકે ધર્મનું શ્રવણ કરતાં કરતાં સમાધિપૂર્વક બોરીવલી મુકામે કાલધર્મ પામ્યા છે. બોરીવલીમાં રહેતાં સરસઈ નિવાસી 92 વર્ષીય શ્રી રેવાબેન ગોડાએ પોતાના જીવનનો અંતિમ સમય જાણી, પૂ. શ્રી હસમુખમુનિ મ. સા. ની પ્રેરણાથી અનશન વ્રત ગ્રહણ કર્યું હતું. ત્યારબાદ પૂ. શ્રી પ્રબોધિકાબાઈ મ. ના હસ્તે એમણે સંયમ અંગિકાર કરીને પૂ. શ્રી યશકિરણજી મ. નામ ધારણ કર્યું હતું. આમ, જીવનના અંતિમ સમયે ત્રણે મનોરથ પૂર્ણ કરીને જીવન સાર્થક કરતાં પૂ. મહાસતીજી કાલધર્મ પામતાં, સોમવાર તા. 16.02.2015 ના એમની પાલખીયાત્રા નીકળી હતી.

પાવનધામના આંગણે પૂ. શ્રી પ્રબોધિકાબાઈ મ. ના સાંનિધ્યે એમની ગુણાનુવાદ સભા રાખવામાં આવી હતી જેમાં અનેક ભાવિકોએ ઉપસ્થિત રહીને અનશન આરાધિકા પૂ. મહાસતીજીને ભાવભરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

## આણંદઃ

વિરલ પ્રજ્ઞા શ્રી વીરમતીબાઈ મ. આદિ ઠાણા-13 બે દિવસ માટે આણંદ સંઘમાં પધારતાં સ્વાગત શોભાયાત્રા સાથે સ્વાગત સમારોહ યોજાયો હતો.

બે દિવસ સંઘ પ્રમુખ શ્રી દિનેશભાઈ પટેલ, શ્રી શૈલેશભાઈ દોશી, શ્રી પિનાકીનભાઈ, શ્રી દલસુખભાઈ દેસાઈ આદિ સાથે પુત્રવધૂ મંડળ, યુવક મંડળ અને ભાવિકોએ પ્રવચન અને કપલ શિબિરનો લાભ લીધો હતો.

જૈન કન્યા છાત્રાલયની બાલિકાઓ માટે શિબિર રાખવામાં આવી હતી. આ દિવસો દરમ્યાન શ્રી બિંદુબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ. એવમ્ શ્રી પરમ સંબોધિજી મ. ની જન્મ જયંતિ હોવાથી શ્રી સંઘે તેઓને શુભેચ્છા વંદન પાઠવ્યા હતાં. ઉત્તમ પરિવારના પૂ. શ્રી સવિતાબાઈ મ. નાસ્મરણ સાથે શ્રી વીરમતીબાઈ મ. એ લોગસ્સનો કાઉસગ્ગ કરાવ્યો હતો.

આણંદમાં અર્હમ યુવા ગ્રુપ અને અર્હમ સત્સંગની સ્થાપના થતાં ભાવિકોમાં ઉત્સાહ જણાતો હતો. આ અવસરે આણંદના ભાવિકો દ્વારા સંઘ સ્વામિ વાત્સલ્યનું આયોજન કરવામાં આવેલ.

## અમદાવાદઃ

### આગમ ભણો અને ભણાવો... પૂ મહાસતીજીનો જીવનમંત્ર હતો

ગોંડલ સંપ્રદાયના ઉત્તમ પરિવારના (સૂર્ય-વિજય) અધ્યાત્મ યોગિની પૂ. શ્રી સવિતાબાઈ મ. કાળધર્મ પામતાં એમની પાલખીના દર્શન કરવા અમદાવાદ, મુંબઈ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ગોંડલ, જૂનાગઢ, મદ્રાસ, બેંગ્લોર વગેરે સ્થળોથી ભાવિકો પહોંચી ગયાં હતાં.

પૂ. મહાસતીજીની પાલખીની ઉછામણી તપ અને ત્યાગથી થઈ હતી. અમદાવાદના સંઘો, કાઠિયાવાડ સમાજ, શ્રી જયંતિભાઈ પટેલ આદિની મહેનત અને જહેમત નોંધનીય હતી. સેટેલાઈટ સંઘના પ્રમુખ શ્રી કીરીટભાઈ ડેલીવાળા, શ્રી ઉમેશભાઈ દોશી તથા કાઠિયાવાડ સમાજના અગ્રણીઓએ પૂ. મહાસતીજીની નિઃસ્વાર્થ ભાવે સેવા કરનાર ડૉક્ટર્સ તથા સેવાભાવી પાડોશીઓનું બહુમાન કરેલ.

અમદાવાદ સંઘના શ્રી જયંતિભાઈ સંઘવી એવમ્ ઉપસ્થિત સંત-સતીજીઓએ એમના ગુણોની અનુમોદના કરી ભાવાંજલિ આપી હતી.




# જીવદયા માટે

## 42 લાખનું ફંડ એકત્રિત થતાં અનેરો ઉત્સાહ...

માનવ સેવા અને જીવદયાના સત્કાર્યો માટે અર્હમ યુવા ગ્રુપ હંમેશાં નવા નવા અભિયાન કરે છે, જેમાં રાષ્ટ્ર સંત પૂજ્ય ગુરૂદેવશ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણા અને માર્ગદર્શન મુખ્ય હોય છે.

તાજેતરમાં અર્હમ યુવા ગ્રુપ-અમદાવાદે જીવદયાની પ્રવૃતિ માટે શ્રી મનુભાઇ ગઢવીની ટીમનો ડાયરાનો કાર્યક્રમ રંગભવન સી.એન.વિદ્યાલય-આંબાવાડી ખાતે રાખ્યો હતો. આ કાર્યક્રમના સૌજન્ય દાતા શ્રી નિલેશભાઇ અને શ્રી સુનીલભાઇ પાટડીવાળા, શ્રી રશ્મિકાંતભાઇ મહેતા, શ્રી કપાસી પરિવાર, શ્રી પ્રવીણભાઇ લોખંડવાળા આદિની ભાવના અને કાર્યક્રમના આયોજકો શ્રી કાંતિભાઇ કપાસી, શ્રી મહેશભાઇ અંબાવી, શ્રી સ્વપનીલભાઇ મકાતી, શ્રી અપૂર્વભાઇ સંઘવી, શ્રી સમીરભાઇ શાહ એવમ્ પવિત્રધામ કમિટીની મહેનત અને જહેમત પ્રસંશનીય હતી.

**'રંગ કસુંબલ ડાયરો'** ને 3000થી વધુ વ્યકિતઓએ ન માત્ર માણ્યો હતો પણ જીવદયાના સતકાર્ય માટે મન મૂકીને વરસ્યા હતાં. સામાન્ય વ્યકિતથી નગરશેઠ અને અગ્રણી મહાનુભાવોની દાન ભાવનાથી 42 લાખ જેવું માતબર ફંડ જાહેર થયું હતું. આ રકમ રાષ્ટ્ર સંત પૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી ગુજરાત અને સૌરાષ્ટ્રની ગૌશાળા અને પાંજરાપોળમાં વાપરવામાં આવશે, તથા સમસ્ત ભારતના જરૂરિયાત મંદ ક્ષેત્રોમાં ઘાસચારાની વ્યવસ્થામાં વાપરવામાં આવશે.

આ અવસરે શ્રી પ્રવીણભાઇ પારેખ (મુંબઇ), શ્રી જયેશભાઇ ખંધાર (મુંબઇ), શ્રી પ્રવીણભાઇ લોખંડવાલા, શ્રી કિરીટભાઇ ડેલીવાલા, શ્રી રમેશભાઇ ટોકરાવાલા, શ્રી પ્રફુલભાઇ તલસાણીયા, શ્રી અલ્પેશભાઇ તલસાણીયા, શ્રી નિલેશભાઇ પાટડીવાળા, શ્રી કમલભાઇ મહેતા, શ્રી રાજુભાઇ ઢોલેરાવાળા તથા અમદાવાદના જૈન સંઘોના પ્રતિનિધીઓ, સમાજના અગ્રણીઓ આદિ મહાનુભાવોની ઉપસ્થિતિ એ જ અર્હમ યુવા ગ્રુપનો ઉત્સાહ અને પ્રોત્સાહન હતાં. દરેકનો સાથ અને સહુનો સહકાર નોંધનીય હતો.

Balwant G. Parekh 98200 65056 amish.p41@gmail.com Amish B. Parekh 98200 52556

**Shantinath Industries**

Manufacturing : Lighting Luminaries
Labour Job : Powder Coating and Vitreous Enamelling

We are manufacturing for allleading Lighting Companies such as "Wipro Ltd., Bajaj Electricals Ltd., Crompton Greaves Ltd.,"

Unit II, B-2/2, Opp. Sanghavi Garden,Sagaoen M.I.D.C Phase Manpada Road, Dombivli (E), Dist. Thane - 421 204.



## સંયમ પંથના પથિકો!

વર્ષો પહેલાં અમ માતા-પિતાના આંગણે
જ્યારે આપનો જન્મ થયો ત્યારે,
અમારા અંતર, આનંદથી ભાવવિભોર બની ગયાં હતાં...
પરંતુ, આજે જ્યારે એ આંગણુ ઓળંગીને...
'આત્મજા' મટીને...
આપ પરમાત્માના ધર્મની ધજા લહેરાવનાર
'આર્યા' બની રહ્યાં છો ત્યારે,
અમારું અંતર અહોભાવથી ભાવિત થઈ રહ્યું છે!

**સંયમની પ્રથમ જયંતિએ આપને**
**અમારા અંતરની અભિવંદના...**

સંયમ શુભેચ્છક
નવ દીક્ષિતાઓના સંસારી માતા-પિતા, ધર્મ માતા-પિતા, તથા ધર્મ ભાઈઓ

સત્‌નો સંગ અને સત્‌ નિમિત્ત
અસતથી દૂર કરી સત્‌ તરફ લઈ જાય છે
સત્‌ તરફ જવા માટે શ્રેષ્ઠ સત્‌ નિમિત્ત એટલે
રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત

## 'સંબોધિ સત્સંગ'

આવો, આપણે સહુ એનો લાભ લઈએ...

- સંબોધિ સત્સંગ (કોલકતા)



કોઈને નડવું નહીં, એ સૌથી મોટામાં મોટો ધર્મ છે.

- ગુરુભક્ત શ્રી મેઘાણી પરિવાર

Bakulesh Virani 098410 43041

## VIRANI INTERNATIONAL

Your Key to Security Holograms & Self Adhesive Label Stock

67B, KMA, Garden, Kannadasan Nagar, Kodungaiyur, Chennai - 600 118. India.
Ph. : +91 44 2555 8945 • Fax : +91 44 2555 3581 • Mobile : +91 9884097410 • mailvirani@yahoo.com • www.virani.in

Raju Bhai 91 93201 41945 | Amit 98198 99400 | Hardik 90969 94466

## JENAM
ENTERPRISES PVT. LTD.

IRON AND STEEL TRADERS & IMPORTERS

Email : jenamenterprisespvtltd@gmail.com

Sale Office : 50/A Baroda Street, camac Bunder, Mumabi : 400 009.
Phone : 022 - 3029 7002 / 3029 7056 Fax : 022 -3029 7038

With Best Compliments from

MOVING WITH Confidence — go gas

# Confidence Group

## Confidence Petroleum at a Glance

- Reputed BSE Listed Company with a mission to become the largest private player across the globe in the LPG/CNG related businesses by 2015.
- Operating one of the Asia's largest Cylinders manufacturing units under one roof including one in Indonesia
- India's leading Bottlers with 51 bottling plants across 21 states.
- Upcoming 250 Gogas Auto LPG Dispensing Stations across the country.
- Operating ISO9001-2008 certified manufacturing unit of CNG/High Pressure Gas Cylinders.
- Nationwide network of 27 Marketing Offices.
- Establishing Tie-ups with International Companies for future projects.







MOVING WITH Confidence

| Nitin Khara | Nalin Khara | Elesh Khara |

**CONFIDENCE PETROLEUM INDIA LIMITED**

CORPORATE OFFICE : 404, Satyam Apartments, 8, Wardha Road, Dhantoli, Nagpur - 440 012 (M.S.) India

Ph.:0712-3298539/40 Fax:0712-6612083 Email : info@confidencepetro.com Website : www.confidencepetro.com

Registered with Registrar of Newspapers under RNI NO. MAHMUL/2008/37878
Postal Registration No. MH/MR/N/94/MBI/14-16 Published on 5th of every month
License to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2014-16
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 05-03-2015

શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ-બોરીવલીના આંગણે

## રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત

# સ્વાદ વિજય સાધના ઉત્સવ

26th March to 3rd April, 2015




સંસારના દરેક ભવમાં જન્મથી મૃત્યુ સુધી માત્ર એક જ કામ

સવારે ખાવું... બપોરે ખાવું... રાત્રે ખાવું...

ગમે ત્યારે માત્ર આહાર, ભોજન અને ખાવું...

આવી અનાદિકાળની વૃત્તિ પર

વિજય મેળવવા સ્વાદથી મુક્ત થવા...

**સાંનિધ્યઃ**

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મ. સા.,
શ્રી પિયુષમુનિ મ. સા.
એવમ્
ડૉ. શ્રી ડોલરબાઈ મ.
આદિ-ઠાણા ૬

## આવો જોડાઈએ...

## "સ્વાદ વિજય સાધના ઉત્સવ"

આયંબિલ આરાધનાથી આત્મારાધના કરીએ.

: આમંત્રક :

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, બોરીવલી
એલ.ટી. રોડ, ડાયમંડ ટૉકિઝની સામે. બોરીવલી (વેસ્ટ), મુંબઈ - 400092.

---

ભગવાન નેમનાથની પવિત્રતાના પરમાણુઓથી પાવન શ્રી જુનાગઢ શ્રી સંઘના આંગણે
વિરલપ્રજ્ઞા શ્રી વીરમતીબાઈ મ. આદિ- ઠાણા ૧૩ ના સાંનિધ્યે

# આયંબિલ ઓળી આરાધના

26th March to 3rd April, 2015

: આમંત્રક :

શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, જુનાગઢ
શેઠ હેમાભાઈનો વંડો, ઉપર કોટ, જગમાલ ચોક, જુનાગઢ - 362001 (સૌરાષ્ટ્ર).